મોક્ષનું દ્વાર-ગુરુ

શ્રી યોગ વેદાંત સેવા સમિતિ

સંત શ્રી આશારામ આશ્રમ

મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ-૫

મોક્ષનું દ્વાર-ગુરુ

"તમારું સૌથી પ્રથમ કર્તવ્ય છે આત્મસાક્ષાત્કાર કરી લેવો. એ કર્તવ્ય પૂરું કરી લીધું તો બાકીનાં બધાં કર્તવ્યો પૂરાં થઈ જશે. એ કર્તવ્ય પૂરું ન કરતાં બીજાં કર્તવ્યો પૂરાં કરવા જશો તો જીવન ખોવાઈ જશે, સમય વીતી જશે પણ એ કર્તવ્યો પૂરાં નહિ થાય."

— પૂજ્યશ્રી

શ્રી યોગ વેદાંત સેવા સમિતિ

સંત શ્રી આશારામ આશ્રમ
મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ – ૫.

મૂલ્ય : ૦૦-૭૫

Mokshanu Dwar-Guru
By : Sri Yoga Vedanta Seva Samiti.

© શ્રી યોગ વેદાંત સેવા સમિતિ

આવૃત્તિ પહેલી

ગુરુપૂર્ણિમા

તા. ૨૭ જુલાઈ, ૧૯૮૦

પ્રકાશક :
શ્રી યોગ વેદાંત સેવા સમિતિ,
સંત શ્રી આશારામ આશ્રમ,
મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ-૫.

મુદ્રક :
દર્શન પ્રિન્ટર્સ,
૧૩૫૭/૩, ગાંધીહાટ બીલ્ડિંગ,
સલાપસ રોડ, અમદાવાદ-૧.

પ્રસ્તાવના

ભગવાન શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જણાવે છે :

दुर्लभं त्रयंमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

આ જગતમાં જો કોઈ દુર્લભ વસ્તુ હોય તો તે છે જીવને માનવ દેહ મળવો. માનવ દેહ મળે તો મોક્ષની ઇચ્છા-મુમુક્ષા થવી દુર્લભ છે. મોક્ષની ઇચ્છા પણ થઈ જાય તો મોક્ષના માર્ગમાં પ્રકાશ પાથરનાર સદ્ગુરુ મળવા દુર્લભ છે. પરમાત્માની કૃપા હોય તો જ એ ત્રણ પ્રાપ્ત થાય. જેને શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ સંપ્રાપ્ત થાય છે તે માનવ પરમ સદ્ભાગી છે.

પરમાત્માના નિત્યાવતાર એવા જ્ઞાની મહાત્માનાં દર્શન તો ઘણાને થઈ જાય છે પણ તેમની વાસ્તવિક ઓળખાણ બધાને નથી પડતી. કારણ કે મહાત્માના સાક્ષાત્કાર માટે હૃદયમાં અમાપ શ્રદ્ધા અને પ્રેમનાં પુષ્પોનો પમરાટ જોઈએ.

જે મનુષ્યે જીવનમાં સદ્ગુરુની પ્રાપ્તિ નથી કરી તે મનુષ્ય અભાગિયો છે, પાપી છે. એવો મનુષ્ય કાંતો પોતાનાથી વધારે બુદ્ધિમાન કોઈને માનતો નથી, અભિમાની છે, અથવા તો તેને પોતાનો કોઈ હિતચિંતક દેખાતો નથી. પોતાના કલ્યાણકર્તા તરીકે તેને કોઈનામાં વિશ્વાસ નથી. તેના હૃદયમાં શંકાની શૂળો સતત ભોંકાતી રહે છે. એવો મનુષ્ય દુઃખી જ રહે છે.

મહાપુરુષનો આશ્રય મેળવી લેનાર મનુષ્ય ખરેખર પરમ સદ્ભાગી છે. સદ્ગુરુના ખોળે પૂર્ણ શ્રદ્ધાથી પોતાના અહંરૂપી મસ્તકને મૂકીને નિરાંતે પોઢી શકનાર સત્ શિષ્યનો લૌકિક તેમ જ આધ્યાત્મિક માર્ગ તેજોમય બની જાય છે. સદ્ગુરુમાં પરમાત્માનું અનંત સામર્થ્ય

હોય છે. એમના પરમ પાવન દેહ ઉપરથી આવતો વાયરો પણ જીવનાં અનંત જન્મોનાં પાપ નિવારી તેને ક્ષણ માત્રમાં આહ્લાદ આપી શકે છે, તો તેમનાં શ્રીચરણોમાં શ્રદ્ધા ભક્તિથી સમર્પિત થનાર સત્ શિષ્યના કલ્યાણમાં શું ખામી રહે ? જ્ઞાની મહાપુરુષોનો મહિમા ગાતાં વેદો પણ થાક્યા છે. એમના સામર્થ્યની શી વાત કરવી ? ઉપનિષદ્ કહે છે : **तद् दृष्टिगोचराः सर्वे मुच्यन्ते।** તેમના દૃષ્ટિપથમાં જે કોઈ આવે છે તેની મુક્તિ કાલાંતરે પણ થઈ જાય છે. વાઘની દાઢમાં આવેલો શિકાર કદાચ છટકી જઈ શકે છે પણ ફકીરની દાઢમાં આવેલો શિકાર, સદ્‌ગુરુના દિલમાં વસેલો સત્ શિષ્ય છટકી શકતો નથી, શ્રેયમાર્ગ છોડીને સંસારમાં લપેટાઈ શકતો નથી. તેનું પારમાર્થિક કલ્યાણ અવશ્ય અવશ્ય થઈ જાય છે.

સદ્‌ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે. તેઓ નિમિષ માત્રમાં આખી સૃષ્ટિનાં બંધન કાપીને તેને મુક્ત કરી શકે છે.

यद्यद् स्पृश्यति पाणिभ्यां यद् यद् पश्यति चक्षुषा।
स्थावरणापि मुच्यन्ते किं पुनः प्राकृताःजनाः॥
(ઉપનિષદ્)

બ્રહ્મજ્ઞાની મહાપુરુષ બ્રહ્મભાવથી પોતાના હાથ વડે જેને સ્પર્શે છે, પોતાની આંખો વડે જેને જુએ છે તે જડ પદાર્થો પણ કાલાંતરે જીવત્વ પામીને આખરે બ્રહ્મત્વ પામી મોક્ષ મેળવે છે, તો પછી એમની દૃષ્ટિમાં આવેલ માનવીના મોક્ષ વિષે તો શંકા જ કેમ રહે ?

સાક્ષાત્કાર પામેલા, પરમાત્મસ્વરૂપ બનેલા સદ્‌ગુરુ જીવના બધા ગુણદોષ જાણે છે, જીવના ચિત્તની અવળચંડી આંટી ઘૂંટીઓથી સુપરિચિત હોય છે, તેઓ જીવને પાપપંકમાંથી ઉપર ઉઠાવી તેનું આધ્યાત્મિક ઉત્થાન કરવામાં કુશળ હોય છે. જીવ પોતાના પરિચ્છિન્ન અહંને છોડતો નથી. તે પોતાને કાંતો પાપી માને છે અથવા પુણ્યાત્મા

માને છે. એ બંને દુરાગ્રહ છે. જીવનું મૂળ સ્વરૂપ તો એ બંનેના અધિષ્ઠાન રૂપ બ્રહ્મ છે. સદ્‌ગુરુ જીવના એ અજ્ઞાનમૂલક દુરાગ્રહને તોડીને, અહંની નિવૃત્તિ કરીને તેને પોતાના શિવત્વનું ભાન કરાવે છે. જીવ માટે મોક્ષનાં દ્વાર ખોલી આપે છે.

મોક્ષમાર્ગનાં સાધનોમાં અનન્ય ભક્તિ એક ઉત્તમ સાધન છે. ભક્તિ એટલે સ્વસ્વરૂપનું અનુસંધાન.

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते॥

આધ્યાત્મિક માર્ગમાં ગુરુભક્તિનો બહુ મોટો મહિમા છે. શિષ્ય પોતામાં શિવત્વ જોઈ શકતો નથી. પ્રથમ પોતાના ગુરુમાં શિવત્વ જોવાનું, ગુરુને પરમાત્મા સ્વરૂપે ભજવાના. આથી પરમાત્મા ગુરુ દ્વારા શિષ્યમાં અમૃતની વર્ષા કરી દે છે, તેને અમૃતસ્વરૂપ બનાવી દે છે. ગુરુમાં માત્ર પરમાત્માની ભાવના જ નથી કરવાની, ગુરુ પરમાત્માસ્વરૂપ છે એ એક નરી વાસ્તવિકતા છે. એ વાસ્તવિકતાનો અનુભવ કરવાનો છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે :

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ।

સદ્‌ગુરુના ચિત્ર, ફોટો કે મૂર્તિ સમક્ષ ઉપાસના કરવાથી પણ શ્રેય અને પ્રેયના માર્ગની પરોક્ષતા નષ્ટ થઈ જાય છે. તો સદ્‌ગુરુનાં સાક્ષાત્ શ્રીચરણો સેવનાર અનન્ય ભક્ત, પ્રેમી સત્ શિષ્યનું કલ્યાણ થવામાં વિલંબ કેવો ?

અમદાવાદ પાસે જ સાબર મૈયાના પાવન તટ પર વસેલા, પ્રાચીન તપોવનોની યાદ અપાવતા મોટેરા આશ્રમમાં બિરાજમાન મહા-યોગી બ્રહ્મનિષ્ઠ પરમ પૂજ્ય સંત શ્રી આશારામ બાપુ પરમ કોટિના મહાપુરુષ છે અને અત્યારે આચાર્ય કોટિના સદ્‌ગુરુનું સ્થાન શોભાવી

અનેક જિજ્ઞાસુ સાધકો–ભક્તો–શિષ્યોનું આધ્યાત્મિક ઉત્થાન કરી આનંદની રેલંછેલ કરી રહ્યા છે. તેઓશ્રીના શ્રીમુખેથી અવિરતપણે વહેતી જ્ઞાનગંગામાંથી કેટલીક અંજલિઓનો એક અમૃત કુંભ ભરીને આજે ગુરુપૂર્ણિમાના પાવન પર્વના દિવસે આપના હાથમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ. એ સત્સંગામૃતમાંથી આચમન લઈને એક પણ જિજ્ઞાસુ પરમાત્માના માર્ગે વાસ્તવિક પ્રસ્થાન કરી શકશે, પ્રસ્થાન કરેલ જિજ્ઞાસુ પોતાની સાધનામાં ઉત્સાહ અનુભવશે તો અમારો આ નાનકડો પુરુષાર્થ કૃતકૃત્ય થયો ગણાશે. એમાં જે ઉપયોગી તત્ત્વો છે તે સદ્‌ગુરુનો પ્રસાદ છે, અને જે ક્ષતિઓ રહી હોય એ પ્રસાદનું વિતરણ કરનારના હાથનો મેલ છે, માટે ત્યાજ્ય છે. વાચકો તરફથી માર્ગદર્શક સૂચનો સહર્ષ સ્વીકાર્ય છે.

—શ્રી યોગ વેદાંત સેવા સમિતિ.

---

* ભલે કરોડો દુઃખરૂપી કીટાણુંઓ તમારી આસપાસ ભમતાં રહે પણ ડરો નહિ. જો તમારા મનમાં ભય ન હોય તો તેમની હિંમત નથી કે તેઓ તમારા પર આક્રમણ કરે.

* પોતાના કાર્યને અથડાતા કૂટાતા મજૂરની જેમ ન કરો. પણ રાજાની જેમ આનંદ પ્રાપ્તિ માટે એક મજેદાર રમતની જેમ કરો. કોઈ કામને ડરતાં, ગભરાતાં ન કરો; તારાઓની જેમ હસતાં, ખુશ થતાં કરો.

પાવન ગુરુ-શિષ્ય સંબંધ

સંસારમાં માતા–પિતા, ભાઈ–બહેન, પતિ–પત્નીના સંબંધની જેમ જ ગુરુ–શિષ્યનો સંબંધ પણ એક સંબંધ જ છે. પરંતુ બીજા બધા સંબંધો બંધન વધારનારા છે જ્યારે ગુરુ–શિષ્યનો સંબંધ બધાં બંધનોમાંથી મુક્તિ અપાવે છે. આથી જ કહેવાયું છે કે સંસારમાં જો કોઈ સાચો સંબંધ હોય તો તે છે ગુરુ–શિષ્યનો સંબંધ. આ જ એક એવો સંબંધ છે કે જે બીજાં બધાં બંધનોમાંથી છોડાવીને છેલ્લે પોતે પણ ખસી જાય છે અને જીવને તેના શિવસ્વરૂપનો અનુભવ કરાવી દે છે. પછી વ્યવહારમાં તો શિષ્યનું હૃદય જીવનભર ગુરુ પ્રતિ અહોભાવથી તરબોળ રહે છે પરંતુ પરમાર્થમાં તો એ શિષ્ય ગુરુકૃપા રૂપી જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરતો રહે છે. એ દુર્લભ અવસ્થા માટે કહેવાયું છે કેઃ

अत्र पिताऽपिता भवति माताऽमाता लोका अलोका देवा अदेवा वेदा अवेदाः । अत्र स्तेनोऽस्तेनो भवति भ्रूणहाऽभ्रूणहा चांडालोऽचांडालः पौल्कसोऽपौल्कसः श्रमणोऽश्रमणस्तापसोऽतापसोऽनन्वागतं पुण्येनानन्वागतं पापेन तीर्णो हि तदा सर्वाञ्छोकान् हृदयस्य भवति ।

(બૃહદારણ્યક ઉપનિષદ્‌ ૪–૩–૨૨)

"આ સુષુપ્તાવસ્થામાં પિતા તે પિતા રહેતો નથી; માતા તે માતા રહેતી નથી; લોક તે લોક રહેતા નથી; દેવો તે દેવો રહેતા નથી; વેદ તે વેદ રહેતા નથી. એ સ્થિતિમાં ચોર તે

ચોર રહેતો નથી; ગર્ભની હત્યા કરનાર તે ગર્ભની હત્યા કરનાર રહેતો નથી; ચંડાળ તે ચંડાળ રહેતો નથી; પૌલ્કસ (શુદ્ર બાપ અને ક્ષત્રિય માનો દીકરો) તે પૌલ્કસ રહેતો નથી; શ્રમણ તે શ્રમણ રહેતો નથી; તપસ્વી તે તપસ્વી રહેતો નથી. એ સ્થિતિમાં તેને નથી પુણ્ય લાગતું કે નથી પાપ લાગતું, કેમ કે તે હૃદયના સર્વે શોકોની પાર ચાલ્યો ગયો હોય છે."

અનુક્રમણિકા

૧. મોક્ષનું દ્વાર–ગુરુ	૧
૨. પરમ લક્ષ્યની કેડી	૨૦
૩. ગંગાને ઘાટેથી	૪૧
૪. ભક્તોના ભાવ	૪૭
૫. આપ્તવાણી	૫૩

મોક્ષનું દ્વાર–ગુરુ

[મોટેરા આશ્રમ તા. ૧૪-૧-૮૦ સોમવાર, ધ્યાન યોગ શિબિર]

ઉત્તરાયણની પ્રભાતે નામદાનના વિધિ બાદ પૂજ્યશ્રી વિશાળ મંડપ નીચે સેંકડો શિબિરાર્થી સાધકો–ભક્તો સમક્ષ વ્યાસપીઠ પર બિરાજેલા છે અને તેઓશ્રીના મુખારવિંદમાંથી ગુરુભક્તિની ભાવગંગા ખળખળ કરતી વહી રહી છે. પૂજ્યશ્રીનો કંઠ ભાવથી રૂંધાયલો જણાય છે. નેત્રો ભાવાશ્રુની આગાહી કરી રહ્યાં છે.

પૂ. સ્વામીજી: 'ગુરુપ્રસાદથી જેનું અંતર શુદ્ધ થયું છે તેની આગળ બાહ્ય શુદ્ધિ દાસી બની જાય છે. અંતરમાં જો ગુરુની સેવા હોય, જો ગુરુપ્રસાદીનું મૂલ્ય સમજમાં આવી ગયું હોય તો એ સાધકે અથવા શિષ્યે અન્ય કોઈ શુદ્ધિની ચિંતા ન કરવી જોઈએ. એ જે કંઈ કરશે તે શુદ્ધ થઈ જશે. એ જે કંઈ ખાશે તે પવિત્ર થઈ જશે. ક્ષત્રિય અને વૈશ્ય માટે દાનનું ખાવું એ શાસ્ત્રોમાં યોગ્ય નથી ગણાયું. બ્રાહ્મણને દાનનું ખાવાનો અધિકાર છે પણ તેણે સાથે સાથે તપ પણ એટલું

જ કરવું જોઈએ. પરંતુ જે ગુરુભક્ત છે, ગુરુની પાવન સેવાથી જેનાં તન અને મન યજ્ઞરૂપ બની ગયાં છે એ ક્ષત્રિય હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય, તેને કોઈ દોષ લાગતો નથી. તેને બધું માફ થઈ જાય છે.

જેના હૃદયનો કબજો ગુરુભક્તિએ લઈ લીધો છે તેને તીર્થાટનનું શું કામ છે? તેને મંદિરોમાં જવાનું શું કામ છે? તેનું મન મંદિર બની જાય છે. એનું તન શિવાલય બની જાય છે. જેના મન પર ગુરુત્વે કબજો જમાવ્યો છે તે ખુદ એક હાલતું ચાલતું તીર્થધામ બની જાય છે. જ્ઞાનેશ્વર જેવા, એકનાથ જેવા, એકલવ્ય જેવા, તોટકાચાર્ય જેવા સત્પાત્ર શિષ્યોને, સત્‌શિષ્યોને યાદ કરવાથી, તેમના નામનું સ્મરણ કરવાથી, તેમની કથાઓનું પુનરાવર્તન કરવાથી આજે પણ હજારો લોકો પાવન થઈ જાય છે. જ્ઞાનેશ્વર મહારાજની ગુરુભક્તિ સાંભળીને સારા સારા સંતો, સારા સારા વક્તાઓ, સારા સારા ગુરુભક્તો પણ પીગળી જાય છે. ધન્ય છે જ્ઞાનેશ્વર મહારાજને, ધન્ય છે એમના અંતઃકરણને કે જે ગુરુત્વને ઝીલી શક્યું, ગુરુત્વને સમજી શક્યું. નહિ તો, બાહ્ય શુદ્ધિ, બાહ્ય સમજ તો એવી હોય છે કે જાણે વિષ પર ચાસણીનો લેપ. પેટમાં ભૂખ અને બહારથી અન્નનો લેપ. અંદર જો કામ, ક્રોધ, લોભ, રાગ અને દ્વેષની આગ હોય તો બહારની શુદ્ધિ, પવિત્રતા વ્યર્થ થઈ જાય છે. ગુરુભક્તિથી અંદરના વિકારો નાશ પામે છે. ગુરુસેવાથી તન પવિત્ર થઈ જાય છે. ગુરુના કૃપાકટાક્ષથી મન પવિત્ર થઈ જાય છે.

ભગવાન વેદવ્યાસે ભાગવત પુરાણમાં કહ્યું છે:

'જો કામને જીતવો હોય તો શરીરની નશ્વરતાને વિચારો, મૃતદેહને જુઓ, શબને યાદ કરો, બિમાર શરીરોની હાલત તપાસો. લોભને જીતવો હોય તો કમાયલા ધનનું દાન કરો.

મોહને જીતવો હોય તો વિવેકથી કામ લો. અહંકારને જીતવો હોય તો પોતાનાથી શ્રેષ્ઠ વ્યક્તિને જુઓ. ધનના અહંને જીતવા પોતાનાથી મોટા ધનિકોને જુઓ. વિદ્યાના અહંને જીતાવા પોતાનાથી મોટા વિદ્વાનને જુઓ. અક્કલ હોંશિયારીના અહંને જીતવા પોતાનાથી વધુ હોંશિયાર લોકો વચ્ચે રહો. પરંતુ જેને સત્ગુરુ પ્રાપ્ત થઈ ગયા, જેને ગુરુભક્તિ રૂપી સંજીવની મળી ગઈ તેને કામ દૂર કરવા અલગ ઉપાય કરવો પડતો નથી, ક્રોધ દૂર કરવા અલગ ઉપાય કરવો પડતો નથી.

અવિદ્યા દૂર કરવી હોય તો વિદ્યાલયોમાં જાઓ. અભણ હો તો માસ્તરોની ગુલામી કરો. પરંતુ જેણે ગુરુદેવની ગુલામી મેળવી લીધી તે અભણ હોવા છતાં ભણેલાઓને ભણાવે છે, અણસમજુ હોવા છતાં સમજદારોને સમજાવવાની ક્ષમતા ધરાવે છે.

नास्ति तत्त्वं गुरोः परम्।

ધન્ય છે જ્ઞાનેશ્વર કે જેઓ ગુરુત્વને ઝીલી શક્યા. કેટલાય લોકો ૫૦–૧૦૦ રૂપિયા ફી આપીને ગુરુઓનું લેકચર સાંભળી લે છે. ફી લઈને લેકચર સંભળાવનાર ગુરુ ગુરુત્વમાં પરિપક્વ જ નથી હોતા. રૂપિયા લઈને લેકચર સંભળાવવાથી તેમાં ન શિષ્યના શિષ્યત્વની સિદ્ધિ થાય છે, ન ગુરુના ગુરુત્વની સિદ્ધિ થાય છે. ત્યાં સંપ્રેક્ષણ શક્તિ પૂરું કામ જ કરી શકતી નથી. ગુરુનું હૃદય જ્યારે વાત્સલ્ય ભાવથી ભરાઈ આવે છે અને શિષ્યમાં એ વાત્સલ્ય ભાવ ઝીલવાની યોગ્યતા હોય છે ત્યારે જ સંપ્રેક્ષણ શક્તિનું આદાનપ્રદાન થઈ શકે છે. અન્યથા તો દુકાનદારી થાય છે.

ગુરુ અને શિષ્યના પાવન સંબંધમાં પૈસાની લેવડ દેવડ એ લાંછન છે. શિષ્યનું એ કર્તવ્ય બની જાય છે કે ગુરુની

સેવામાં પોતાનું સર્વસ્વ લુંટાવી દે. ગુરુનો એ સ્વભાવ હોય છે કે પોતે મેળવેલ આધ્યાત્મિક પુંજીનો સંપૂર્ણ ખજાનો શિષ્યના હૃદયમાં ઠાલવી દે. છતાં એ પુંજીમાં કોઈ ઘટાડો થતો નથી.

જે શિષ્યમાં ગુરુ પ્રત્યે અનન્ય ભાવ નથી જાગતો તે શિષ્ય રખડેલ ઢોર જેવો રહી જાય છે. તેની હાલત ધોબીના કૂતરા જેવી છે. નહિ ઘરનો ને નહિ ઘાટનો. તેના મનને પૂર્ણ વિકસિત થવાનો મોકો નથી મળતો. ઘણું ભટકવાથી એનું મન નાસ્તિકના ભાવમાં આવી જાય છે, ખિન્નતા અનુભવવા લાગે છે. પરંતુ જેને સત્ગુરુ સંપ્રાપ્ત થયા છે ને જે સત્-શિષ્ય બની શકયો છે એના માટે પરમાત્માના પ્રેમપ્રવાહનું ઝરણું વહી નીકળે છે. ગુરુકૃપા, ગુરુપ્રસાદી જ્યારે હૃદયમાં પ્રવિષ્ટ થાય છે ત્યારે........આહા હા..... !! ગુરુપ્રસાદી શું ચીજ હોય છે એ જાણવું હોય તો ડોકિયું કરી જો જો કોઈ ગુરુ-ભક્તના હૃદયમાં, ગુરુકૃપાનો શું સ્વાદ હોય છે એ જાણવું હોય તો ડોકિયું કરી જો જો કોઈ સત્‌શિષ્યના હૃદયમાં, તો ખબર પડશે. દેવતાઓ પણ એ અમૃતથી વંચિત રહે છે જે અમૃત ગુરુભક્તને મળે છે. યોગીઓ પણ એ અમૃતથી વંચિત રહે છે જેને ગુરુભક્ત ગુરુભક્તિથી સંપ્રાપ્ત કરીને પીએ છે. કર્મીઓ તો એ અમૃતથી ઘણા દૂર રહી જાય છે. કર્મીઓ કર્મકાંડની શુદ્ધિમાં તો લાગ્યા રહે છે પરંતુ હૃદયની શુદ્ધિ તો પરમ ભાવથી જ થાય છે. ભાવ વગર એ શુદ્ધિ સંભવતી નથી.

તીર્થોમાં નહાવાથી એક ફળ મળે છે પરંતુ જો ગુરુભક્ત મળી જાય ને તેના સાંનિધ્યમાં રહીએ તો ચાર ફળ મળે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેયનાં દ્વાર ખુલ્લાં થઈ જાય છે, ગુરુભક્તના સાંનિધ્ય માત્રથી. કરી જો જો કોઈ ગુરુ-

ભક્તની દોસ્તી તમને ધર્મના માર્ગે લઈ જશે એ ગુરુભક્ત. એનો એ સ્વભાવ હોય છે કે તમને ધાર્મિક બનાવીને જ છોડે. તમને દૂંઠ નાસ્તિક નહિ રહેવા દે. સાચો ગુરુભક્ત તમને મળે તો ધર્મનાં દ્વાર ખોલી આપે.

સાચો ગુરુભક્ત સંત છે. સંતનો વેશ બનાવીને બેસી જનારા સંત થી સાચો ગુરુભક્ત જ સંત છે.

तीरथ नहाये एक फल संत मिले फल चार.... ।

આવા કોઈ સંત મળી જાય....... ! આવા કોઈ ગુરુભક્ત મળી જાય...... !! તો આપણને સમજાશે કે અત્યાર સુધી આપણે ધૂમાડા ચાટી રહ્યા હતા, પાણી વલોવી રહ્યા હતા, પથરા વીણીને નકામો બોજો ઉપાડી રહ્યા હતા. એવા વિરલાનો ભેટો થતાં કર્મકાંડીઓના હોશ હવાસ ઊડી જશે.

પરમહંસ રામકૃષ્ણદેવની પરીક્ષા લેવા એક પંડિત આવ્યો. ચકિત થઈ ગયો રામકૃષ્ણની મસ્તી જોઈને, એમનો ઈશ્વરીય આનંદ જોઈને ! પાછા જતાં રામકૃષ્ણદેવના શિષ્યોને ગદ્‌ગદ્ કંઠે કહ્યું :

' મેં ગાડાં ભરાય એટલાં પુસ્તકો વાંચ્યાં છે. નકામો બોજો ઉપાડી રહ્યો છું. અમૃત તો તમારા રામકૃષ્ણ પી રહ્યા છે ને એમની કૃપાપ્રસાદીનો સ્વાદ તમે માણી રહ્યા છો. અમે તો માત્ર બોજો ઉપાડી ઉપાડીને પંડિત થયા છીએ.'

પુસ્તકો વાંચી વાંચીને ગુરુ બની જવામાં કોઈ સાર નથી. એવા નુગરા ગુરુઓની કોઈ જરૂર નથી. આજકાલ એવા પુસ્તકિયા ગુરુઓની બહુ ભીડ થઈ ગઈ છે સમાજમાં.

तीरथ नहाये एक फल संत मिले फल चार... ।

કોઈ સત્ગુરુનો પ્યારો મળી જાય તો ચારેય પુરુષાર્થનાં

દ્વાર ખુલી જાય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં દ્વારોની તાકાત શું છે કે તેઓ બંધ રહે? જ્યારે કોઈ સત્ગુરુનો સત્‌શિષ્ય તમારો હાથ પકડી લે ત્યારે નિશ્ચિત જાણજો કે તમારા માટે ધર્મ-અર્થ-કામ-મોક્ષનાં દ્વાર બંધ નહિ રહી શકે. સત્‌શિષ્યનું સાંનિધ્ય આટલો લાભ કરી શકે છે અને જ્યારે એ સત્‌શિષ્ય સત્ગુરુ બને છે ત્યારે અનંત ફળ આપવાનું સામર્થ્ય ધરાવે છે. જ્ઞાનેશ્વર મહારાજ સત્‌શિષ્યમાંથી સત્ગુરુ થયા હતા. સંત એકનાથ સત્‌શિષ્યમાંથી સત્ગુરુ થયા હતા. કબીર સાહેબ સત્‌શિષ્યમાંથી સત્ગુરુ થયા હતા. નાનકદેવ સત્‌શિષ્યમાંથી સત્ગુરુ થયા હતા. વિવેકાનંદ સત્‌શિષ્યમાંથી સત્ગુરુ થયા હતા.

तीरथ नहाये एक फल संत मिले फल चार।
सत्गुरु मिले अनंत फल कहे कबीर विचार॥

સત્‌શિષ્યોની પાવન કથાઓ આપણા હૃદયને જેટલું શુદ્ધ કરે, આપણને જેટલું પુણ્ય પ્રદાન કરે છે એટલું પુણ્ય તો ગંગાસ્નાનથી પણ નથી થતું. સત્ગુરુઓ અને સત્‌શિષ્યોની ચર્ચા આપણને જેટલું અમૃત પીવડાવી શકે છે એટલું અમૃત પાવાની શક્તિ સ્વર્ગના ઘડામાં ક્યાં છે? સ્વર્ગનું સુખ, સ્વર્ગનું અમૃત એવું ક્યાં છે? સત્‌શિષ્ય અને સત્ગુરુની ગાથાઓ સાંભળવાથી, સમજવાથી જે રસ મળે છે, અમૃત વરસે છે તે સ્વર્ગના અમૃતને લજ્જિત કરી નાખે છે. સ્વર્ગનું અમૃત ત્યાં નિરર્થક સાબિત થાય છે. દેવતાઓના અમૃતને તુચ્છ સાબિત કરવાનું સામર્થ્ય સત્ગુરુ અને સત્‌શિષ્યની ગાથાઓમાં સમાયેલું છે.

૨૫-૫૦ રૂપિયા ગુરુને આપીને બદલામાં એવા ગુરુની લેક્ચરબાજી સાંભળી લેનાર શિષ્યો ભટકતા જ રહેશે. જેમણે પોતાનું હૃદય સત્ગુરુનાં શ્રીચરણોમાં પીગળાવી દીધું, સત્ગુરુ

જેમના હૃદયમાં પ્રવિષ્ટ થઈ ગયા એ લોકો સદ્‌ભાગી છે. એ લોકો 'પાગલ' છે. પાગલ એટલે—

जिन्होंने गल को पा लिया कि मस्ती कैसे ली जाती है, जिन्होंने बात को समझ लिया कि अमृत कैसे लूटा जाता है।

[ધ્યાનમાં પાગલ થયેલા સાધકો આ સાંભળીને વધુ પાગલ બની રહ્યા છે. યોગાનંદમાં મસ્ત બનીને ઉચ્ચ સ્વરે ગાવા લાગે છે, વિવિધ ઉદ્‌ગારો કાઢે છે. પૂજ્યશ્રી પણ થોડીવાર શાંત થઈ સાધકોના વિશાળ સમૂહ પર અમીદૃષ્ટિ નાખે છે, જાણે અમૃત-કૂપીમાંથી અમૃત ન છાંટતા હોય! વાતાવરણમાં આનંદના અનેરા ઓઘ ઉમટી રહ્યા છે.]

પૂ. સ્વામીજી :

गुरुदेव दया कर दो मुझ पर
मुझे अपनी शरणमें रहने दो ।
मुझे ज्ञान के सागर से स्वामी
अब निर्मल गागर भरने दो... ॥

तुम्हारी शरण में जो कोई आया
पार हुआ वो एक ही पल में ।
इस दरपे हम भी आये हैं
इस दरपे गुज़ारा करने दो ॥
मुझे ज्ञान के...

सरपे छाया घोर अंधेरा
सूझत नाहीं राह कोई ।

ये नयन मेरे और ज्योत तेरी
इन नयनों को भी जलने दो ॥
मुझे ज्ञान के...

चाहे डूबा दो चाहे तैरा दो
मर भी गये तो देंगे दुआएँ ।
ये नाव मेरी और हाथ तेरे
मुझे भव सागर से तरने दो ॥
मुझे ज्ञान के...

કોઈ સત્ શિષ્યના હૃદયનું આ સંગીત છે, કોરી ભાષા નથી. માત્ર ભાષા આટલી પ્યારી નથી હોતી, જેટલું અંદરનું સંગીત પ્યારું હોય છે.

गुरुदेव दया कर दो मुझ पर...... ।

તમે પણ આ વાત માની લો એમ નથી કહેતો. એનું પુનરાવર્તન કરવાથી મને આનંદ આવે છે. મારા ગુરુદેવની યાદમાં મારું હૃદય ફરીથી પાવન થઈ રહ્યું છે.

[વેદાંતના એવરેસ્ટ પર બિરાજમાન, સતત બ્રહ્માનંદમાં મસ્ત એવા પૂજ્યશ્રીના ચહેરા પર છલકતા મોજીલા હાસ્યનું સ્થાન આજે ગુરુભક્તિના ગહનતમ ભાવોએ લીધું છે. શરૂઆતથી જ ગદ્ગદ્ થયેલા અવાજમાં અત્યારે ઓર વધારો થઈ ગયો છે. ભાવપૂર્ણ નયનોમાંથી અશ્રુની ધારાઓ સરી રહી છે. હૃદયના ઊંડાણમાંથી વહી આવતી શબ્દોની ભાવગંગામાં સામે બેઠેલા સેંકડો સાધકો પાવન થઈ રહ્યા છે. ગુરુભક્તિના આ પ્રેમ-પ્રપાતે બધાનાં અંતર અને આંખોને તરબોળ બનાવી દીધાં છે.]

પૂ. સ્વામીજી :

गुरुदेव दया कर दो मुझ पर
मुझे अपनी शरण में रहने दो ।
ज्ञान के सागर से स्वामी
अब निर्मल गागर भरने दो ॥

[પૂજ્યશ્રીનો અવાજ ભાવના પ્રવાહમાં ડૂબી જાય છે.]

बाबा.......! बाबा....... !! बा......बा !!!

[વર્ષો પહેલાં પૂજ્યશ્રીના સદ્ગુરુદેવ પ. પૂ. લીલાશાહબાપુ બ્રહ્મલીન થયા. જે દેહ દ્વારા પૂજ્યશ્રીને સાક્ષાત્કાર થયો એ દેહ અત્યારે નથી. સદ્ગુરુદેવના સાંનિધ્યમાં ગાળેલા દિવસો અત્યારે પૂજ્યશ્રીને યાદ આવે છે ને એ પરમ મધુર સમયની યાદ અંતરમાં ભાવની ભરતી લાવે છે. વાહ ! જ્ઞાન અને ભક્તિનું કેવું અજાયબ રસાયણ ! કેવો સુગભ સમન્વય !!]

પૂ. સ્વામીજી :

નિજાનંદ સંત સાક્ષાત્કારી મહાપુરુષ હતા. તેમના ઘણા શિષ્યો હતા. નિજાનંદ નિજના આનંદમાં મસ્ત હતા. સ્વની વાસ્તવિકતાને—સ્વના આનંદને પામી ચૂક્યા હતા, નિજાનંદ સ્વામી. તેઓ લોકોને રાત દિવસ ઉપદેશ આપ્યા કરતા કે : 'તમે સચ્ચિદાનંદ છો, નિજાનંદ છો. તમે આત્મા છો, શરીર નથી. તમે નથી જન્મતા-મરતા, શરીર જન્મે છે ને મરે છે. શરીર કોઈનું પણ હોય, તે નશ્વર જ હશે. પતિનું હોય કે પત્નીનું, ગુરુનું હોય કે શિષ્યનું, ભગવાનનું હોય કે ભક્તનું પણ શરીર નશ્વર છે....'આવો ઉપદેશ તેઓ લોકોને આપતા હતા.

નિજાનંદે સમાચાર સાંભળ્યા : સદ્ગુરુનો દેહાંત થયો. ખબર મળતાં જ નિજાનંદ એકદમ ભાગ્યા ગુરુદેવને ત્યાં. તેમની

પાછળ તેમના બધા ભક્તો, શિષ્યો અને સત્‌શિષ્યો પણ ભાગ્યા. નિજાનંદ ફરીથી પાવન થવા માટે બ્રહ્મલીન થઈ ગયેલા ગુરુદેવનાં ચરણકમળમાં પડી ગયા, ગુરુદેવના મૃતદેહને વળગી પડયા. આંખોમાંથી આંસુની ધારાઓ અસ્ખલિત વહી રહી છે. ગળે ભરાયલું રૂદન ડૂસકાનું રૂપ ધારીને બહાર વ્યક્ત થઈ રહ્યું છે. હવે એ નિજાનંદ 'નિજાનંદ સ્વામી'ના રૂપમાં રહ્યા ન હતા પણ એક પાગલ શિષ્ય, એક પાગલ સાધુ બની ગયા હતા. તેઓ પોતાની બધી જ વિદ્વત્તા ભૂલી ગયા હતા. પોતાની સાથે પોતાના હજારો શિષ્યો ઉપસ્થિત છે એનો પણ ખ્યાલ ન રહ્યો. પોતાની જાતને સંભાળી ન શકયા, સંભાળવાની કોઈ ચેષ્ટા પણ ન કરી. જાતને ભાવપ્રવાહમાં વહી જતી વારવાના કોઈ વિચારો પણ નજીક ન ફરકી શકયા. ગુરુના મૃતદેહને બાળકની જેમ વળગી પડીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યા. કેટલાય ભકતો અને શિષ્યો તેમને કહી રહ્યા હતા :

'સ્વામીજી, હવે બસ કરો. આપ આ શું કરી રહ્યા છો. સ્વામીજી ! આપ તો અમને રાત દિવસ ઉપદેશ આપો છો કે દેહ નશ્વર છે અને ગુરુ દેહ નથી પણ સચ્ચિદાનંદ પરમાત્મા છે. અને આપ ગુરુના મૃતદેહને આમ વળગી રહ્યા છો ? ગુરુના દેહાંત મા‌ટ રડી રહ્યા છો ? સ્વામીજી, સ્વસ્થ થાઓ. આપના યશનો ખ્યાલ કરો, આપની પ્રતિષ્ઠાનો, આપની કીર્તિનો ખ્યાલ કરો, દેશદેશાંતરમાં ફેલાયલી આપની સુવાસનો, આપના માન મરતબાનો ખ્યાલ કરો. વેદાંતે આપને સમજાવ્યું છે અને આપ લોકોને પણ સમજાવી ચૂકયા છો કે કોઈ મરતું નથી, કોઈ જન્મતુ નથી. કોઈ માતા નથી, કોઈ પિતા નથી. કોઈ ભાઈ નથી, કોઈ મિત્ર નથી. કોઈ ગુરુ નથી, કોઈ શિષ્ય નથી :

न मे मृत्युशंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्मः ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः
चिदानंदरूपः शिवोऽहम शिवोऽहम् ॥

આપે જ આ બધું લોકોને સંભળાવ્યું છે ને હવે આપ આ શું કરી રહ્યા છો ? વેદાંતે તો 'तत्त्वमसि' નો ઉપદેશ આપ્યો છે, છતાં આપ કેમ રડો છો સ્વામીજી ?'

એ નિજાનંદ સ્વામી 'સ્વામી' બની બેઠા ન હતા. એમને કોઈ સાચા સ્વામીએ 'સ્વામી' બનાવ્યા હતા. નિજાનંદે શિષ્યોને કહ્યું :

'બાબા........!! વેદાંતમાં કયાં લખ્યું છે કે રડવાની મનાઈ છે ? ગુરુના પાવન ચિંતનમાં હૃદય પવિત્ર કરવાની મનાઈ કયા કમબખ્ત વેદાંતમાં ફરમાવેલી છે ? આવા ગુરુએ તો વેદાંત સમજાવ્યું. નહિ તો, વેદાંતની ચોપડીઓ પાંચ પચાસ રૂપિયામાં મળી જાય છે. પ્રેસમાં પડયું રહે છે વેદાંતનું સાહિત્ય, લાયબ્રેરીઓમાં પડયો રહે છે વેદાંતનો ઉપદેશ. આ ગુરુ ન હોત, ગુરુનો આ નશ્વરદેહ ન હોત તો શાશ્વતની ઝલકો કયાંથી મળત ?........

સિદ્ધાંતમાં ગુરુનો દેહ નશ્વર છે પરંતુ મારી અનુભૂતિમાં ગુરુનો દેહ નશ્વર નથી. ગુરુની બધી જ સ્મૃતિઓ મારે માટે શાશ્વત છે. ધન્ય છે ગુરુના આ દેહને કે જે વિરાટની સમજ આપી શકયો. ગુરુના એ નશ્વર દેહમાંથી જ શાશ્વત કૃપાનું ઝરણું વહી આવ્યું હતું. ગુરુના નશ્વર શરીર દ્વારા જ શાશ્વત વરસી શકયું હતું. કોણ કહે છે કે ગુરુનો દેહ નશ્વર હતો ? વેદાંતમાં કયાં લખ્યું છે કે ગુરુની પવિત્ર સ્મૃતિ કરતાં કરતાં તમારું હૃદય પાવન ન કરો ? ગુરુના પાવન ઉપદેશનું–ગુરુના

પાવન પ્રેમનું પુનઃસ્મરણ કરતાં કરતાં પ્રેમસાગરમાં ન ડૂબો? મૂર્ખ થયા છો? ઠગારા થયા છો? પોતાને બ્રહ્મજ્ઞાની માનીને કોરાના કોરા બેસી રહેવા માગો છો, પાગલ? સાચે જ તમે જન્માંધ છો. તમે રખડેલ ઢોર છો. તમારું હૃદય પાવન થવું કઠિન છે. જો તમને ગુરુપ્રસાદીનો ખ્યાલ નથી, ગુરુપ્રસાદીની કદર નથી તો તમારા ભાગ્યમાં ધક્કા ખાવા સિવાય બીજું શું હશે? તમે સંસાર માટે રડશો, સંતાનો માટે રડશો, પરિવાર માટે રડશો. પરંતુ હું તો રડીશ મારા ગુરુની કૃપા માટે. ગુરુનાં ચરણો માટે હું રડી રહ્યો છું અને રડતો જ રહીશ. એમાં જ મારા જીવનની સાર્થકતા છે........!' આમ નિજાનંદ પોતાના શિષ્યોને સમજાવી રહ્યા છે. નિજાનંદનો નિજ–આનંદ પોતામાં સમાતો નથી. જ્યાં એક દૃષ્ટિ કરતા હતા, જ્યાં એક પોકાર કરતા હતા ત્યાં સ્વયં નિજ સ્વરૂપ થઈ જતા હતા.

નિજાનંદ ગુરુનાં ચરણોને આલિંગી રહ્યા છે, ગુરુની યાદ તાજી કરી રહ્યા છે. ગુરુના સાંનિધ્યમાં બનેલી ઘટનાઓને હૃદય પટલ પર લાવીને સંસારને–સંસારના મેલને અલવિદા આપી રહ્યા છે. ધન્ય થયા હશે એ નિજાનંદ સ્વામી! એ નિજાનંદનાં ચરણોમાં આપણા વારંવાર નમસ્કાર હોજો.

આવા નિજાનંદોને, સત્ગુરુના સત્શિષ્યોને સદ્ભક્તોને ભક્તિ-ભાવમાં, ગુરુના પ્રેમમાં રડવું આવે છે ને જે ભૂમિપર એમનાં અશ્રુ પડે છે એ ભૂમિ કૃતકૃત્ય થઈ જાય છે, ધન્ય ધન્ય થઈ જાય છે. એમાં તીર્થત્વની શક્તિ આવી જાય છે. જ્યાં ગુરુભક્ત કદમ મૂકે છે તે પૃથ્વી પૂજાય છે, તે પૃથ્વીની ધૂળ પૂજાય છે.

नास्ति तत्त्वं गुरोः परम् ।
ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोः कृपा ॥

નિજાનંદે પોતાના ગુરુની કૃપાને ઓળખી–ગુરુ બની ગયા. જ્ઞાનદેવ ગુરુકૃપાને ઓળખીને ગુરુત્વને ઉપલબ્ધ થયા. દેવગઢના દીવાન સાહેબ, જનાર્દન સ્વામીના શિષ્ય એકનાથજી-એ ગુરુભક્તિથી હસતાં હસતાં, ગુરુપ્રેમમાં રડતાં રડતાં જે મેળવ્યું તે મોટા મોટા યોગીઓએ પણ નથી મેળવ્યું. યોગી તો આંખો દબાવીને, નાક કાનને પરેશાન કરીને, કેટલીય સાધના, કેટલોય પરિશ્રમ કરે ત્યારે માંડ મન કંઈક શાંત થાય છે. એકનાથનું મન તો ગુરુસેવાથી જ શાંત થઈ જતું. ગુરુના સ્મરણ માત્રથી એમનું હૃદય પાવન થઈ જતું. અને એ એક પાવન હૃદયે હજારો હજારો શિષ્યોનાં હૃદયોને પાવન કર્યાં.

સંત એકનાથના આશ્રમમાં એક વિધવા સ્ત્રીનો પુત્ર રહેતો હતો. પૂરણપોળી ખાવા માટે રહેતો હતો. એનું અસલી નામ લોકો ભૂલી ગયા. તેમણે તેનું નામ રાખ્યું હતું પૂરણપોડો. વિશેષ ભણેલ ગણેલ ન હતો પરંતુ તે ગુરુકૃપાનો અધિકારી બની ગયો હતો.

સંત એકનાથના આશ્રમમાં ખૂબ વૈભવ હતો, ખૂબ ધન-સંપત્તિ હતાં. એમનો પુત્ર કાશી જઈને શાસ્ત્રી થઈ આવ્યો હતો. એકનાથજી કોઈ ગ્રંથ લખી રહ્યા હતા. તેમણે પોતાના શિષ્યોને કહ્યું :

'આ ગ્રંથની પૂર્ણાહુતિ કદાચ હું નહિ કરી શકું. મારો દેહ શાંત થઈ જશે. તમે લોકો મારા બેટાને આપજો એ ગ્રંથ પૂરો કરવા. પરંતુ મને આશા ઓછી છે, કારણ કે એ મને પિતા માને છે, ગુરુ નથી માનતો. શાસ્ત્રી થયો છે, વિદ્વાન છે. બુદ્ધિની ઝંઝટ વધી છે પણ હૃદયની પ્રસાદી ઝીલી નથી શક્યો. મારો ગ્રંથ પૂરો કરવા માટે એ સમર્થ નથી. છતાં તમે કોશિશ કરજો. જ્યારે એના હાથની વાત ન રહે ત્યારે મારા

શિષ્ય પૂરણપોડાને ગ્રંથ પૂરો કરવા આપી દેજો.'

એકનાથજીના અંગત શિષ્યો આ સાંભળીને દંગ થઈ ગયા: 'ગુરુજી, આ શું કહો છો? એને દાળ નથી ભાવતી, ભાત નથી ભાવતા, રોટલી-ખીચડી નથી ભાવતી, શીરો પણ નથી ભાવતો. રોજ માત્ર પૂરણપોળી જ ખાય છે. બુધ્ધુ છે અને આ ગ્રંથ કેવી રીતે પૂરો કરી શકશે?'

સંત એકનાથે કહ્યું: 'બીજા બધા વિષયોમાં એ બુધ્ધુ છે પરંતુ ગુરુભક્તિમાં એ બધા કરતાં પ્રથમ નંબરે છે. ભલે અંગૂઠાછાપ છે પરંતુ ગુણાતીત મસ્તીને ઝીલવાની ક્ષમતા મેળવી ચૂકયો છે. એના હૃદયનાં દ્વાર ખુલી ગયાં છે. અરે દ્વાર તો શું ખુલ્યાં છે, આખી દીવાલ જ હટી ગઈ છે. ગુરુના આદેશને એ પૂરેપૂરો અપનાવી લે છે. ગોટલાં છોતરાં પણ બહાર નથી ફેંકતો. ગુરુ તરફથી જે કઈ તેની પાસે જાય છે તે અમૃતફળનો મધુર રસ જ બની રહે છે. ગોટલાં છોતરાં જેવી કોઈ ચીજ એની પાસે નથી પહોંચતી. ગુરુકૃપા એને એટલો પાવન કરી ચૂકી છે કે એ ગ્રંથ પૂરો કરી શકશે.'

થયું પણ એવું જ. પૂરણપોડો-વિધવા સ્ત્રીનો પુત્ર, પૂરણ-પોળીનો શોખીન. અસલી નામ ખોઈ બેઠો હતો પોતાની એ કઢંગી આદતના કારણે. પરંતુ એની સાથે એક દિવ્ય આદત હતી, એક એવી પવિત્ર આદત હતી કે પેલી કઢંગી આદત દબાઈ ગઈ. સદ્ગુરુનો પ્રેમ પ્રવાહ એવો ઊમટી પડયો કે તેની બધી બેવકૂફી એ પ્રવાહમાં વહી ગઈ. એણે જ આખરે ગ્રંથ પૂરો કર્યો.

આવા કેટલાય અભણ શિષ્યો તરી ગયા, કેટલાય મૂરખ શિષ્યો તરી ગયા ને વિદ્વાન ગરુભાઈઓ જોતા જ રહી ગયા.

શંકરાચાર્યનો એવો એક મૂરખ શિષ્ય તરી ગયો કે જેને કંઈ યાદ રહેતું ન હતું, જે કંઈ ભણી શકતો ન હતો. પરંતુ શંકરાચાર્ય માટે મરી શકતો હતો, મટી શકતો હતો, ગુરુની કૃપાને ઝીલી શકતો હતો. જ્ઞાન-ધ્યાન કંઈ જાણતો ન હતો. મંત્ર અને મંત્રનો ન્યાસ કંઈ જાણતો ન હતો. જેને ગુરુપ્રસાદ મળ્યો તેને ન્યાસ બ્યાસ કરવાની માથાકૂટ શા માટે રહે બાબા!! ન્યાસ ઈત્યાદિ વિધિ વિધાનની ગુલામી તો ત્યાં સુધી રહે કે જ્યાં સુધી અહંકાર હોય. જેમણે પોતાનું મસ્તક ગુરુચરણે ધરી દીધું તેમને એ વિધિવિધાન કરવાની જરૂર શા માટે રહે?

શંકરાચાર્યના ચાર મુખ્ય શિષ્યો થયા: સુરેશ્વરાચાર્ય, પદ્મપાદાચાર્ય, હસ્તામલકાચાર્ય અને તોટકાચાર્ય. એમાં ત્રણ મોટા વિદ્વાન હતા પણ ચોથો તોટક હતો એ બુધ્ધુ હતો.

એ પાગલ છોકરો ન ન્યાસ જાણતો, ન ઉપન્યાસ જાણતો. ન બ્રહ્મસૂત્ર વાંચી શકતો, ન ઉપનિષદોની વ્યાખ્યા કરી શકતો.

એકવાર શંકરાચાર્ય તોટકની રાહ જોઈ રહ્યા હતા કે એ આવી જાય પછી પાઠ શરૂ થાય. ત્રણ વિદ્વાન શિષ્યોએ કહ્યું કે: 'ગુરુજી, એ કંઈ યાદ રાખી શકતો નથી. એ બુધ્ધુ છે, મૂરખ છે. એની શું રાહ જોવાની છે? આપ અમને જ શીખવાડો.'

શંકરાચાર્ય રહી ન શકયા. એમણે કહ્યું: 'ભલે એ લૌકિક બુદ્ધિમાં બુધ્ધુ હોય પણ તોટક.......મારો એ તોટક તમારાથી પાછળ? તમને એ બુધ્ધુ દેખાય છે, પાગલ! અરે તોટક......! આ લોકો જે ભણયા છે એ બધું ગાતો ગાતો આવ. અને હવે જે ભણવાના છે એ પણ બધું ગુંજતો ગુંજતો આવ તોટક........!'

તોટકના હાથમાં તો વાસણ માંજવાની રાખ હતી પરંતુ જીભ પર સરસ્વતી આવી ગઈ.

गुरुकृपा हि केवलं शिष्यस्य परं मंगलम् ।

ગુરુપ્રસાદી...... !

આત્માનો આનંદ ગુરુપ્રસાદીથી મળે છે, ગુરુપરંપરાથી મળે છે. બુદ્ધિમત્તાથી એ રસ પ્રગટ થઈ શકતો નથી. પૂછી જુઓ કોઈ વૈજ્ઞાનિકને. ગુરુકૃપાથી સત્‌શિષ્યને જે સ્વાદ આવે છે તે સ્વાદ આપના વિજ્ઞાનથી કદી કોઈને મળી શક્યો છે? આપને મળી શક્યો છે? મોટામાં મોટા વૈજ્ઞાનિકને શોધી લાવો કે મોટા દાર્શનિકને પકડી લાવો અને પૂછો કે સત્‌ગુરુનો કોઈ સત્‌શિષ્ય જે મજા લૂંટે છે એવી મજાની તમને જાણ છે? સત્‌શિષ્ય જે આનંદ લૂંટે છે તે આનંદ વિજ્ઞાનના આખરી છેડે પહોંચેલ વૈજ્ઞાનિક પણ નથી જાણતો. વિજ્ઞાનનાં બધાં સાધનો એકઠાં કરીને વ્યક્તિ જે સુખ લઈ શકે છે એ સુખ અતિ તુચ્છ છે, અતિ તુચ્છ છે ગુરુકૃપાના સુખ આગળ. શિષ્યના હૃદયમાં જે સુખ છવાઈ જાય છે તે ત્રિલોકીના સામ્રાજ્યથી નથી મળી શકતું.

[ગુરુકૃપાનું સુખ માણી રહેલા સેંકડો સાધકોમાં તાળીઓનો ગડગડાટ થાય છે.]

આથી જ તુલસીદાસજી કહે છે :

तीन टूक कौपीन की भाजी बिना लूण ।
तुलसी हृदय रघुवीर बसे तो इन्द्र बापडा कूण ॥

ઇન્દ્રનું સુખ શું છે? અપ્સરાઓનાં નાચગાનનું સુખ શું છે? સ્વર્ગનું અમૃત પણ શું છે? દેવતાઓ પર હુકમ ચલાવવાનું સુખ પણ શું છે? જ્યાં અંદરનો રસ આવ્યો ત્યાં

એ બધાં સુખ ફિક્કાં પડી જાય છે. દેવતાઓ પર હુકમ ચલાવીને બહિર્મુખ થશો. દેવતાઓ હુકમ ન માને તો દ્વેષ થશે. આત્માના આનંદમાં તો રાગદ્વેષને જગ્યા જ નથી. ત્યાં તો ન કોઈ દેવતા છે ને ન કોઈ હુકમ કરનાર છે. ત્યાં તો પરમદેવ સાથે અડપલાં થઈ રહ્યાં છે. દ્વૈતના પડદા ચીરાઈ રહ્યા છે. અદ્વૈતનો આવિર્ભાવ થઈ રહ્યો છે.

ધન્ય છે જ્ઞાનેશ્વર કે જેમનું સ્મરણ કરીને આપણે લોકો પાવન થઈએ છીએ. ધન્ય છે એવા સંત મહાપુરુષો! એમનો દેહ તો ચાલ્યો ગયો પણ એમનો વ્યવહાર, એમની કૃપા, એમના પ્રસંગોને યાદ કરીને આજે હજારો હજારો લોકો પાવન થાય છે. જો આવા જ કોઈ સંત પુરુષ જીવંત મળે તો તો પૂછવું જ શું? તેમના આગળ જો કોઈ સાધક સત્‌શિષ્ય બની જાય તો બાકી રહે જ શું? અને આવા સત્‌શિષ્યોના કારણે જ ભારત વિશ્વનો ગુરુ બન્યો છે. નેતાઓના કારણે, રાજાઓના કારણે, સમ્રાટોના કારણે ભારતનું મસ્તક ઊંચું છે એવું નથી. નેતાઓ ને રાજાઓના કારણે તો ભારતનું મસ્તક ઝૂકેલું છે. સતગુરુઓના કારણે અને સત્‌શિષ્યોના કારણે ભારત ઉન્નત છે, સમગ્ર વિશ્વના ગુરુસ્થાને છે. ભારતમાં સત્‌શિષ્યો પાકે છે અને સત્‌શિષ્ય જ સત્ગુરુ બની શકે છે. સત્ગુરુ જ સદુપદેશનું દાન કરી શકે છે. ઉપદેશનું વેંચાણ નથી થતું પણ દાન થાય છે. તેથી આપણે સત્ગુરુઓના ઋણી રહીએ છીએ. સદા સદાને માટે એમના કરજદાર રહીએ છીએ. સત્ગુરુના કરજદાર રહેવું એ સંસારના સૌથી મોટા ધનિક હોવા કરતાં પણ મોટા ભાગ્યની વાત છે.

વિવેકાનંદ કહેતા : 'ભાઈઓ, તમે જન્માંધ છો, જો તમે મારા રામકૃષ્ણને ન જાણતા હો તો. હું જે કંઈ બોલી રહ્યો

છું, જે કંઈ આપી રહ્યો છું તે મારા સત્ગુરુનો પ્રસાદ છે. તેમાં જે કંઈ ભૂલચૂક હોય તે મારી છે. મને ક્ષમા કરજો. જે સારું સારું છે, તમારું કલ્યાણ કરવામાં જે સમર્થ છે તે બધું જ મારા ગુરુનો પ્રસાદ છે. હું ગુરુપ્રસાદ વહેંચી રહ્યો છું. મારું કંઈ નથી. મારામાં પોતામાં કશું હતું જ નહિ. અત્યારે પણ નથી ને રહેશે પણ નહિ. જે કંઈ છે તે મારા ગુરુદેવનું છે.'

કેવા સત્‌શિષ્ય થયા હશે વિવેકાનંદ! કેટલી નમ્રતા છે! કેવી સરળતા છે જીવનમાં! સાક્ષાત્કાર થયા પછી અહં આવવાની કોઈ સંભાવના નથી. છતાં પણ વારંવાર સ્મરણમાં રાખે છે કે હું કંઈ નથી કરતો. જે કંઈ થાય છે તે વિરાટ દ્વારા થાય છે. બધું મારા સત્ગુરુદેવ દ્વારા થાય છે. મારી પાસે કંઈ નથી. હું કશું કરતો નથી. બધી મારા ગુરુની કૃપા છે, રામ-કૃષ્ણ ભગવાનની કૃપા છે.

આપ લોકો ખૂબ ભાગ્યશાળી છો. વૈજ્ઞાનિકો કહે છે કે માનવમાં જે છુપાયલું છે તે હજી સુધી માનવ વિકસિત કરી શકયો નથી. વેદાંતનો પુરાણો પુકાર છે, ભક્તિશાસ્ત્રનો પુરાણો પુકાર છે કે તમે અમૃતપુત્ર છો ને તમે પોતાને દેહ માની બેઠા છો. પણ તમે હવે એ રસ્તે કદમ માંડયાં છે. એ કિનારાની ઝલક મળી છે. એ આનંદસાગરની ઠંડી લહેરો તમે ઝીલી શકયા છો. એના અમૃતબિંદુઓ તમારા હ્રદયમાં ઊતરી રહ્યાં છે. તમે બધા ખૂબ ખૂબ ભાગ્યશાળી છો.

આપને જે અમૃતના કણો મળ્યા છે તે મહાપુરુષોની કૃપા-પ્રસાદી છે. મારા સત્ગુરુદેવની કૃપા-પ્રસાદી છે. એનું તમે સંવર્ધન કરતા રહેજો, એને ખિલવતા રહેજો, વધારતા રહેજો,

જળેલી ચિનગારીને ફૂંકતા રહેજો. બુઝાવા ન દેશો. એક દિવસ એમાંથી અમરજ્યોત ઝળહળતી થઈ જશે.

આપના હૃદયમાં જે ગુરુત્વ ઊતરી શકયું છે તેને મારા નમસ્કાર.

ૐ આનંદ! ૐ આનંદ!! ૐ આનંદ!!!

*

॥ जय सद्‌गुरुदेव ॥

मन इन्द्रिय जाहि न जान सके ।
नहिं बुद्धि जिसे पहचान सके ॥
नहिं शब्द जहाँ पर जाय सके ।
बिनु सद्‌गुरु कौन लखाय सके ॥

गुरु कीन कृपा भव त्रास गई ।
मिट भूख गई छुट प्यास गई ॥
नहिं काम रहा नहिं कर्म रहा ।
नहिं मृत्यु रहा नहिं जन्म रहा ॥

नहिं मैं नहिं तू नहिं अन्य रहा ।
गुरु शाश्वत आप अनन्य रहा ॥
गुरु सेवत ते नर धन्य यहाँ ।
तिनकूं नहिं दुःख यहाँ न वहाँ ॥

—स्वामी श्री भोले बाबाजी

પરમ લક્ષ્યની કેડી

[મોટેરા આશ્રમ તા. ૨૨-૪-૭૯ રવિવાર]

આપણે ધાર્મિક છીએ, ધાર્મિક વિધિવિધાનો કરીએ છીએ, મંદિરમાં જઈએ છીએ, નીતિ નિયમો પાળીએ છીએ, જપ તપ કરીએ છીએ, ઉપવાસ ને એકટાણાં કરીએ છીએ. આ બધું ઠીક છે. પરંતુ એ ધર્મનું આખરી સોપાન નથી, ધર્મનું મૂળ રહસ્ય નથી. કશું ન કરવું એના કરતાં એ બધું કરવું ઘણું જ સારું છે. પણ મૂળ તત્ત્વ તો કંઈ નિરાળું જ છે.

तीरथ नहाये एक फल संत मिले फल चार ।
सत्गुरु मिले अनंत फल कहे कबीर विचार ॥

'અનંત ફળ'નો અર્થ જરા સમજી લેજો. અનંતફળનો અર્થ છે જેનો અંત ન આવે એવું ફળ ધાર્મિકતાનો અંત છે સ્વર્ગભોગ મળી જવો. પુણ્યનો અંત છે સુખ વૈભવ મળી જવાં. ત્યાં પુણ્ય પૂરું થઈ જાય. યુગોથી ને સદીઓથી તમે પુણ્ય કરતા આવ્યા છો, સેવા-પૂજા કરતા આવ્યા છો અને તેનાં ફળ ભોગવતા આવ્યા છો, એશઆરામ, જીવનની થોડી-

ઘણી સગવડો પામતા આવ્યા છો. પણ એ અનંત ફળ નથી, સાંત ફળ છે. જેનો અંત આવી જાય એવાં ફળ તમને મળ્યાં છે. મકાન મળ્યું, નોકરી મળી, ધંધો મળ્યો, યશ મળ્યો, સ્ત્રી-બાળકો મળ્યાં. આ બધું તમારાં પુણ્યોનું ફળ છે. બધાને આ સગવડો નથી મળતી. પરંતુ એ સગવડો એકવાર છૂટી જશે. તેનો વિયોગ અવશ્ય થશે જ. અનંત ફળ એકવાર મળે પછી તેનો કદી વિયોગ ન થાય. ગંગા એકવાર સમુદ્રને મળે ને પાછી છૂટી પડી જાય એમ કદાચ બને પણ જીવાત્મા એક-વાર પરમાત્મામાં મળી જાય પછી એ અલગ થતો નથી. આ છે અનંત ફળ.

સમુદ્ર તો જડ છે. પરમાત્મા પરમ ચેતન છે. સમુદ્ર સીમિત છે. આપણે તો કહી દઈએ 'પરમાત્મા સમુદ્ર જેવો વિશાળ છે. મહાત્માઓનાં દિલ દરિયા જેવાં અગાધ હોય છે.' પણ આમ કહીને આપણે પરમાત્માનું અને મહાત્માઓનું અપમાન કરીએ છીએ. સમુદ્ર તો પરમાત્માના એક ઝબકારા જેટલો પણ નથી 'આહા ! સંત ગંગા જેવા પવિત્ર છે, દયાના સાગર છે, ચંદ્ર જેવા શીતળ છે...!' જેઓ સત્યને ઉપલબ્ધ થયા છે તેને ગંગાની ઉપમા, સાગરની ઉપમા, ચંદ્રની ઉપમા પર્યાપ્ત નથી. એ માપ જ બરાબર નથી. પણ શું કરીએ ? આપણી પાસે બીજાં સાધનો નથી, બીજા શબ્દો નથી સંતોને બિરદાવવાના, મહાપુરુષોની વાઙ્મય પૂજા કરવાના. તેથી શિષ્ય-ભક્ત ભાવવિભોર થાય તો ગદ્ગદ્ કંઠે કહેશે: 'ચંદ્રમા જેવા શીતળ, સૂર્ય જેવા તેજસ્વી, શરણાગત વત્સલ, દીનબંધુ, અંતર્યામી, ઘટઘટવાસી, મારા ગુરુદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ....' શિષ્ય ઇચ્છે છે કે જે અહોભાવ આપવો જોઈએ, જે ઉપમાઓ આપવી જોઈએ તે બધી જ આપી દઉં.

પણ જે મહાપુરુષો સત્યને ઉપલબ્ધ થયા છે તેઓ એ શબ્દોમાં સમાતા નથી. ભાષાથી જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવશે ત્યાં તેમનું અપમાન થશે. છતાં પણ આપણી ભાષાને પવિત્ર કરવા માટે, આપણી વાણીને પાવન કરવા માટે આપણે બોલીએ છીએ 'પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ....'

શિષ્ય પોતાની પહોંચ પ્રમાણે ગુરુને, સંતને નિહાળે છે. જ્યાં સુધી તે નિહાળી શકે છે તે અનંત નહિ હોય. અનંતમાં નિહાળવાની ગુંજાઈશ નથી. ત્યાં મૌન છે. મહાપુરુષોની એ પરમકૃપા છે કે જે ચીજ વાણીમાં ન આવે તેને વાણી દ્વારા સમજાવવાનું સાહસ કરે છે. જે તત્ત્વ ઇન્દ્રિયોની પકડમાં ન આવે, વાણી જ્યાં ચૂપ થઈ જાય, બુદ્ધિ બુઠ્ઠી પડી જાય એ તત્ત્વ સમજાવવા તૈયાર થાય છે.

ભગવાનનું કોઈ નામ નથી અને બધાં નામ એનાં જ છે. 'હે અંતર્યામી! હે ઘટઘટવાસી! હે દીનબંધુ! હે મીરાંના કૃષ્ણ! હે શબરીના રામ! હે બેઅંત!'

ભક્તનું પાગલપણ તો જુઓ! કહે છે: 'હે બેઅંત!' ને વળી પોકારે છે: 'હે દીનબંધુ!' દીનબંધુ બેઅંત કેવી રીતે હોઈ શકે? 'શબરીના રામ, મીરાંના કૃષ્ણ' એમાં ભક્તે ભગવાનને સીમામાં બાંધી લીધા. પછી ભગવાન અસીમ, અનંત ક્યાં રહ્યા? જે વર્ણન કરે છે તે સીમામાં છે, જે સાંભળે છે તે પણ સીમામાં છે. તો અસીમનું વર્ણન ક્યાંથી થાય?

ધર્મનું અસલી પદ એ છે કે માનવ અસીમને ઉપલબ્ધ થઈ જાય. ધર્મનો આખરી છેડો એ છે કે જ્યાં તમારું મન ન પહોંચે, બુદ્ધિ ન પહોંચે. જ્યાં તમે જીવ તરીકે જીવતા ન રહો એ ધર્મનું આખરી સ્થાન છે. ત્યાં ગયા પછી તમે ગયા

તેવા પાછા ફરી શકતા નથી. એ છે ધર્મનું આખરી ફળ.

यद् गत्वा न निवर्तन्ते....... ।

ધાર્મિક થવું એક વાત છે, ધર્મના ફળને પામવું એ બીજી વાત છે. પરંતુ ધર્મના આખરી છેડાને પકડી લેવો એ એનાથી તદ્દન નિરાળી વાત છે. હું તમને કહું છું કે તમે ધર્મના એ આખરી છેડાને અડી જાઓ, ધર્મના આખરી અર્થને સમજી લો, જીવનના આખરી લક્ષ્યને એકવાર માત્ર ત્રણ ક્ષણ માટે પણ પ્રાપ્ત કરી લો. એક ડૂબકી મારી લો. ત્યાં તમે નહિ હો, વિરાટ હશે. તમારું શરીર ભલે લૌકિક હોય, સ્ત્રીનું, પુરુષનું, છોકરીનું કે છોકરાનું હોય, પણ 'તમે' શું હશો તેનું વર્ણન કરનારા થાકી જશે ત્યાં સુધી વર્ણન પૂરું નહિ થાય.

संत की महिमा वेद न जाने,
जेता जाने तेता बखाने ।

પોતાની વાણીને પવિત્ર કરવા માટે, પોતાની બુદ્ધિને તેજસ્વી કરવા માટે, પોતાના હૃદયને ભાવપૂર્ણ કરવા માટે સંતોનો અને પરમાત્માઓનો મહિમા ભલે આપણે ગાઈએ. પણ આપણે જેટલો મહિમા ગાઈશું તેટલો એમના માટે ઓછો પડશે. એમના અસલી મહિમાને અન્યાય જ થશે.

આનંદ મંગળ કરું આરતી હરિગુરુ સંતની સેવા,
સંત મળે તો મહાસુખ પામું ગુરુજી મળે તો મેવા....

ગુરુજી મળે તો બસ મેવા મિઠાઈ જ મળે? ના, ના. ગુરુજી મળે તો શું મળે એની ખબર જ નથી. આપણને મેવા મીઠા લાગે છે તેથી આરતીમાં મેવા ગોઠવી દીધા. ગુરુજીના મિલનથી મેવા જ મળતા હોય તો એટલું કામ ફ્રૂટ મારકેટમાં

કોઈ શેઠ પણ કરી આપે. ગુરુજી મળવાથી જે મળે તેનું વર્ણન કરવું એ દીવાથી સૂર્યની પૂજા કરવા બરાબર છે. કૂવાના પાણીથી ગંગાની પૂજા કરવા જેવું છે.

આખી ગંગાને પોતાની જટામાં સંતાડી દેનાર મહાદેવજીની પૂજા લોટો પાણી ચડાવીને આપણે કરીએ છીએ. એમાં હૃદયનો ભાવ ભરેલો છે, શ્રદ્ધા છે તેથી માન્ય છે. નહિ તો એમાં શિવજીનું પૂરેપૂરું અપમાન છે. ક્ષણમાં હજારો ગેલન પાણી વહેવડાવનાર ગંગા જેના તાબામાં છે એવા શિવજીને રાજી કરવા માટે પાણીનો એક લોટો? છે અનધિકાર ચેષ્ટા, પણ પ્રેમ છે, ભાવ છે, શ્રદ્ધા છે તેથી એ ક્રિયા પાવનકારી બની જાય છે.

શ્રદ્ધા એવી ચીજ છે કે એમાં બધા અવગુણ ઢંકાઈ જાય છે. કુતર્ક અને વિતંડાવાદ એવો દુર્ગુણ છે કે બાકીની બધી યોગ્યતા પર પાણી ફરી જાય છે.

ભક્ત પૂજા કરે છે: 'હે ભગવાન! હું સ્નાન કરાવું છું. शुद्धोदकस्नानान्ते पंचामृतं स्नानं समर्पयामि ....' બે તોલા દહીં હશે, ચપટી ખાંડ હશે, બે ટીપાં મધ હશે, બે ટીપાં ઘી હશે, ચમચી દૂધ હશે ને થઈ ગયું પંચામૃત સ્નાન. પછી स्नानांते वस्त्रं समर्पयामि।' ને લઈ આવશે નાડાછડીનો ટુકડો. પોતાના માટે ઊંચાં કીમતી વસ્ત્રો, ૨૫ રૂપિયે મીટર, ૩૦ રૂપિયે મીટરવાળાં કપડાં ને શિવજી માટે નાડાછડી. અસીમની આ મજાક તો છે. બીજું શું છે? ભગવાન શું પાગલ છે? ના. એમને નથી તમારા લોટા પાણીની જરૂર, નથી પંચામૃતની જરૂર, નથી નાડાછડીની જરૂર કે નથી કીમતી વસ્ત્રોની જરૂર. એને જરૂર છે તમારા હૃદયના પ્રેમની. તમને આ બધાં સાધનો મળી ગયાં, આ બધો વિધિ વિધાનનો

મસાલો મળી ગયો પોતાના ભાવની પુષ્ટિ કરવા માટે, ભાવની અભિવ્યક્તિ કરવા માટે, પોતાને ધાર્મિક માનવા માટે, પોતાના સંતોષ માટે. આ પૂજાનું આયોજન શંકરભગવાને નથી કર્યું કે મને આમ સ્નાન કરાવો, નાડાછડી પહેરાવો. આ આયોજન તો ઋષિઓએ કર્યું છે, ફકીરોએ કર્યું છે, જ્ઞાનીઓએ કર્યું છે. એમનો એક હાથ પરમાત્મામાં છે અને બીજો હાથ જગતમાં છે. તેઓ સરહદ પર ઊભા છે. તેઓ જીવની કમજોરી, જીવનો સ્વભાવ જાણે છે, જીવની પરિસ્થિતિ જાણે છે અને ઈશ્વરની મસ્તીને પણ જાણે છે. આવા મહાપુરુષોએ મૂર્તિપૂજા વગેરેનાં આયોજનો કરેલાં છે જેથી ગમે તેમ કરીને સામાન્ય જીવનો ભાવ જાગે ને આખરે એ અસીમ માટે જિજ્ઞાસા થાય, તત્ત્વજ્ઞાની મહાપુરુષ પાસે પહોંચે અને સીમાઓ પાર કરી અસીમ તરફ કદમ માંડે.

આ નેવંદભાઈ ગેરેજવાળા દર મહિને વાડજથી સીધા અંબાજી જતા. આ શિવલાલ દર પૂનમે મુંબઈથી અંબાજી જતા. એમનું અંબાજી જવું વ્યર્થ ન ગયું. ત્યાં જતાં જતાં ધાર્મિકતાનો એકડો ઘૂંટાયો, પરંતુ ધાર્મિકતાનો એ આખરી સાર નથી.

એકવાર ભોજૂ પોતાની દુકાને જવા ૧ નંબરની બસની રાહ જોઈને ઊભો હતો. તેની પત્ની પોતાને પિયેર જવા માટે ૨ નંબરની બસની રાહ જોઈને ઊભી હતી. એટલામાં ૧૨ નંબરની બસ આવી. ભોજૂ કહે: 'ચાલો જલ્દી કરો. બેસી જાઓ. મારે ૧ નંબરની બસ જોઈએ ને તારે ૨ નંબરની બસ જોઈએ. ૧ અને ૨ એટલે ૧૨ આપણા બંનેની બસ સાથે જ આવી છે.'

અરે ભોજૂ! ૧ નંબરની બસનો રૂટ અલગ છે, ૨

નંબરની બસનો રૂટ અલગ છે અને ૧૨ નંબરની બસનો રૂટ તો તદ્દન નિરાળો જ છે.

ધાર્મિક કહેવડાવવું એક વાત છે, ધાર્મિક હોવું એ બીજી વાત છે પરંતુ ધાર્મિકતાના અંતિમ સોપાનને ઉપલબ્ધ થવું એ નિરાળી વાત છે. પણ આપણે તો ૧ નંબરના રૂટ તથા ૨ નંબરના રૂટને સાથે લઈને ૧૨ નંબરનો રૂટ બનાવતા રહ્યા છીએ. એક જ રૂટમાં બધા રૂટનો શંભુમેળો કરતા રહ્યા છીએ. પતિને બજારમાં જવું છે. પત્નીને પિયેર જવું છે. બંનેની બસ એક જગ્યાએ આવશે પણ બંનેનું ગંતવ્ય સ્થાન અલગ છે.

ઘણાય ધાર્મિક લોકોને ભ્રાંતિ હોય છે. એમને બ્રહ્મજ્ઞાની સંત ધામિર્ક લાગશે, અંબાજી જનાર પણ ધાર્મિક લાગશે, યજ્ઞયાગ કરનાર પણ ધાર્મિક લાગશે, કાળી દેવીને માનનાર પણ ધાર્મિક લાગશે, સોમવારનું વ્રત કરનાર પણ ધાર્મિક લાગશે. 'અલ્લા હો અકબર....' ની બાંગ પોકારનાર ધાર્મિક લાગશે અને 'ૐ નમો ભગવતે વાસુદેવાય....' જપનાર પણ ધાર્મિક લાગશે બીજા બધા તો ઠીક છે પણ ધર્મના આખરી છેડે પહોંચનારની તો વાત જ ઓર છે. એ આખરી લક્ષ્યને સિદ્ધ કરનાર મહાપુરુષોને ધન્ય છે. એમનાં માતા પિતાને ધન્ય છે, એમનાં કુટુંબ પરિવારને ધન્ય છે. એટલું જ નહિ, એમનાં દર્શન કરનારને પણ ધન્ય છે. તેઓ ધર્મના અંતિમ રહસ્યને પામ્યા છે.

यद् गत्वा न निवर्तन्ते ....। ત્યાં ગયા પછી પાછા ફરવાનું રહેતું નથી. તેને બીજું કશું પામવાનું રહેતું નથી. તેને જાણ્યા પછી બધું અજાણ્યું જાણેલા જેવું થઈ જાય છે.

जानना था सो ही जाना काम क्या बाकी रहा ?
लग गया पूरा निशाना काम क्या बाकी रहा ?
देह की प्रारब्ध से मिलता है सबको सब कुछ,
नाहक जग को रीझाना काम क्या बाकी रहा ?
फेंक दो हथियार......

હવે ધાર્મિક થવાનાં હથિયાર પણ છૂટી ગયાં. નર્મદા નહાવાનો કોઈ આગ્રહ નહિ, ગંગા જવાનો કોઈ આગ્રહ નહિ. ધાર્મિક કે અધાર્મિક થવાનો કોઈ આગ્રહ નહિ. પુણ્ય કરવાની કોઈ ઇચ્છા નહિ, પાપ કરવામાં કોઈ રુચિ નહિ. જીવવાની કોઈ લાલસા નહિ, મરવાનો કોઈ ભય નહિ. કોઈ આવે તો ભલે આવે. કોઈ જાય તો ભલે જાય. જીવે તો ભલે જીવે, મરે તો ભલે મરે.

આ સઘળો સંસાર સ્વપ્ન જેવો લાગે છે, ગંધર્વનગર જેવો લાગે છે. દોરડીમાં સાપ દેખાતો હતો. દોરડીને દોરડી તરીકે જાણી લીધી પછી સાપનો ભય ન રહ્યો. ઝાડના ઠૂંઠામાં ચોરની ભ્રાંતિ થતી હતી. ઠૂંઠાને ઠૂંઠા તરીકે જાણી લીધું તો ચોરનો ભય ભાગી ગયો. છીપમાં ચાંદીનો ભાસ થતો હતો. છીપને ઓળખી લીધી તો ચાંદીની લાલસા ન રહી. રણભૂમિમાં પાણી દેખાતું હતું. ઇચ્છા હતી કે ત્યાં જઈને પાણી પીએ, તરસ મટાડીએ, સ્નાન કરીને ગરમી દૂર કરીએ. પણ એકવાર ખબર પડી ગઈ કે એ તો ઝાંઝવાનાં જળ હતાં, પછી તેના માટે દોડવાનું ન રહ્યું.

જેમણે ધર્મના આખરી અર્થને જાણ્યો તેમને સંસાર પહેલાંના જેવો દેખાશે ખરો પરંતુ સાધનાના બળે, જ્ઞાનની આંખથી સંસારની વાસ્તવિકતા અંગે બરાબર જોઈ લીધું છે

તેથી તેઓ નિશ્ચિંત થઈને બેઠા છે. આવા જ્ઞાની 'ડબલ રોલ' માં કામ કરી શકે છે. અજ્ઞાનીઓના સંપર્કમાં આવે તો અજ્ઞાની તરીકે પૂરો પાઠ ભજવી શકે છે. જ્ઞાની સાથે જાય તો મહાજ્ઞાની, યોગી સાથે જાય તો મહાયોગી, ભોગી સાથે જાય તો મહાભોગી, તપસ્વી સાથે જાય તો મહાતપસ્વીનો વ્યવહાર કરી શકે છે. **आश्चर्यो त्रिभुवनजयी...!** આહા! શ્રુતિ ભગવતી શું શબ્દો વાપરે છે જ્ઞાની માટે!

સામાન્ય જન જ્ઞાનીના સંપર્કમાં આવે ને આનંદિત થઈ જાય તો કહે : 'આહ! સ્વામીજીની શું વાત કરું? ભગવાને સ્વામીજીને છેલ્લા ઘડ્યા છે ને પછી હાથ ધોઈ નાખ્યા છે. અરે, જ્ઞાની માટે એમ કહેવું એ પણ આપણી બુદ્ધિની તુચ્છતા છે. ભગવાન વળી જ્ઞાનીને શું ઘડે? તેઓ તો ભગવાનને પણ બનાવવાવાળા હોય છે.

આ ભાષા કદાચ તમે નહિ સહી શકો, નહિ સમજી શકો. પણ એ હકીકત છે. ધર્મના આખરી અર્થને જે ઉપલબ્ધ થાય છે તેઓ ભગવાનને ઘડવાની ક્ષમતા ધરાવે છે. જ્ઞાની એવા પદે બિરાજે છે કે જ્યાં કેટલાય ભગવાન પેદા થઈ થઈને પાછા લીન થઈ ગયા. આ વાત જીરવવાની જરા હિંમત રાખજો. એ સમજતાં સમજતાં બુદ્ધિ ટુકડે ટુકડા થઈ જશે. ખોપડીમાં ખાડા પડી જવાની સંભાવના છે. મગજનું દહીં થઈ જવાની સંભાવના છે. પણ વાત છે આખરી. ધર્મના અંતિમ અર્થને પામનારમાં ભગવાન કેટલીય સૃષ્ટિઓ બનાવી રહ્યા છે ને બગાડી રહ્યા છે. જ્ઞાનીને તેની કોઈ પરવાહ નથી. આ હકીકત જરા કઠિન લાગે એવી છે. અત્યારે એને કિનારે જ રહેવા દઈએ. પણ કહ્યા વગર રહેવાતું નથી. શાળામાં પણ ક્યારેક ક્યારેક નવમા ધોરણમાં અગિયારમા ધોરણનો દાખલો આવી જાય છે.

જ્ઞાનીનો **અર્થ** શું? જે બધી વાતો જાણતા હોય, હંમેશાં મોજમાં રહેતા હોય, જેમની આગળ રિદ્ધિસિદ્ધિ હાથ જોડીને ઊભી હોય એ જ્ઞાની? અરે ના, ના. એ બધાં તો જ્ઞાનીનાં બાળકોનાં બાળકો છે. જ્ઞાની એટલે શું તે જ્ઞાની થઈ જાઓ પછી ખબર પડશે. એકવાર જ્ઞાની થાઓ પછી લોકો જે કંઈ પ્રશંસા કરશે, જે કંઈ મહિમા ગાશે ત્યારે તમને લાગશે કે એ લોકો તમને ગાળો આપે છે. તમારું અપમાન કરે છે. તમને સીમિત કરે છે.

ઘણા લોકો કહે છે કે : 'સાંઈએ બે ડોલ કોપરાંનો પ્રસાદ પાંચ શાળાઓમાં, સોસાયટીઓમાં, રસ્તે આવતા જતા અસંખ્ય લોકોમાં પૂરો પાડ્યો. સેવકે છૂટા હાથે પ્રસાદ વહેંચ્યો છતાં ભંડાર અખૂટ રહ્યો. ભાવનગરની શાળામાં બાળકોને જલેબી વહેંચતાં ખૂટી નહિ. છેક રાત સુધી વહેંચવા છતાં ટોપલા ભરપૂર રહ્યા. સાઈ દયાળુ છે....... સિંધીઓ માટે સાઈને આંતરડાંનો-પ્રેમ છે....... સાઈનો જન્મ ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો... ત્રણ વર્ષની ઉંમરમાં કેવા કેવા ચમત્કાર થયા....... બાળપણમાં જ એમના ચહેરા પર અલૌકિક ઓજ હતું...... ૮–૯ વર્ષે તો રિદ્ધિસિદ્ધિ મળી હતી.... સાઈ આવા હતા.... સાઈ તેવા હતા...'

અરે, સ્વામીજીને તો તમે હજી સુધી નથી જોઈ શક્યા બાબા! એમના શરીરને જોઈ રહ્યા છો, એમની બુદ્ધિને માપી રહ્યા છો, એમની અવસ્થાઓને નિહાળી રહ્યા છો. એમને તો તમે હજી જોયા નથી, સાંભળ્યા નથી. જો એમને સાંભળો તો પરમ મૌનને ઉપલબ્ધ થઈ જાઓ. એમના માટે કંઈ બોલી ન શકો. છતાં જો બોલવા સાહસ કરો તો પહેલાં ક્ષમા માગવી પડે કે : 'જે કહીશું તે અપૂર્ણ રજૂઆત હશે. અસીમને સીમામાં બાંધવાનું દુઃસાહસ કરી રહ્યા છીએ....'

હું મારા સત્ગુરુની જયંતિ મનાવું છું ત્યારે બોલવાનો પ્રારંભ થતાં જ અંત આવી જાય છે. સ્વામીજી માટે શું બોલું ? બસ, મારા સ્વામીજી...... એમ કહીને હૃદય ત્યાં જ ચૂપ થઈ જાય છે. એમને જોવાની સમજ આવી જાય, અંદરની આંખ ખૂલી જાય ને એમને જોવા લાગો તો આંખ ત્યાં જ સ્થિર થઈ જાય, વાણી ત્યાં પહોંચે નહિ.

ધાર્મિક કહેવડાવવું એક વાત છે, ધર્મપર ચાલવું બીજી વાત છે અને ધર્મને ઉપલબ્ધ થઈ જવું, ધર્મમાં પૂરા ખોવાઈ જવું એ નિરાળી વાત છે. આકાશમાં વાદળાં ઉભરાવાં એક વાત છે, એ વાદળાં વરસે ને ગંગાનું રૂપ ધારણ કરે એ બીજી વાત છે અને ગંગા સાગરમાં મળી જાય એ નિરાળી વાત છે. સાગરમાં મળ્યા પછી ગંગા ખળખળ અવાજ નહિ કરે. ગંગાનું સંગીત ત્યાં સમાપ્ત થઈ જશે ત્યાં 'હર ગંગે...' નહિ રહે. સાગર કિનારે જઈને કોઈએ ગંગાની પૂજા કરી હોય એવું નથી બન્યું. ત્યાં તો સાગરની પૂજા હશે, જળની પૂજા હશે, વરુણની પૂજા હશે. ગંગાની પૂજા નહિ હોય. ગંગાની પૂજા તો રસ્તામાં છે, પ્રારંભમાં નથી ને અંતમાં પણ નથી. અંતમાં છે માત્ર જળની પૂજા.

જળ તો એક દ્રવ્ય છે, આંખોથી દેખાય છે. પરમાત્મા કંઈ દ્રવ્ય નથી. પરમાત્મા આંખોથી નથી દેખાતા તો તેમની પૂજા કેવી રીતે કરશો ? છતાં મહાપુરુષોએ એમની પૂજાનાં સાધનો બનાવ્યાં છે તે કેવળ તમારી બુદ્ધિનો, તમારી ખોપડીનો, તમારી માન્યતાઓનો ખ્યાલ રાખીને બનાવ્યાં છે. એક બાજુ તમને જોઈને અને બીજી બાજુ સત્યને જાણીને વચ્ચેનો માર્ગ કાઢ્યો છે. થોડા તમે ઉપર સરકો, થોડા તેઓ નીચે સરકે તો બંનેનું મિલન થાય.

ધાર્મિક થવાનો અર્થ છે કે તમે બધાં દુઃખોમાંથી, બધી મુસાફરીઓમાંથી એવી જગ્યાએ પહોંચો કે જ્યાંથી તમને નીચે પાડી ન શકાય. એવી સમજ મેળવી લો કે જયાં તમારી સમજમાં અનંત અનંત બ્રહ્માંડો ડૂબી જાય.

સાગરમાંથી વરાળ ઊઠી, વાદળાં બંધાયાં એ પ્રારંભિક અવસ્થા છે. વાદળાં હિમાલય પર વરસ્યાં ને ગંગારૂપે વહેવા લાગ્યાં એ મધ્યની અવસ્થા છે. ગંગા સાગરમાં મળી ગઈ એ આખરી અવસ્થા છે. કબીરજીએ ઠીક જ કહ્યું છે :

तीरथ नहाये एक फल संत मिले फल चार ।
सत्गुरु मिले अनंत फल कहे कबीर विचार ॥

જે ફળનો અંત આવી જાય એવાં ફળ તો તમે કોણ જાણે કેટલીય વાર ભોગવ્યાં હશે. તમે એવી એવી મજા માણી છે કે તમારી કલ્પનાની બહાર હોય. એવી એવી સત્તાઓ તમે ભોગવી છે કે અત્યારની તમારી દશામાં એ સત્તા વિષે આશ્ચર્ય થાય. તમને જો પૂર્વજન્મોની ખબર પડે તો તમે હેરાન થઈ જાઓ. પ્રકૃતિએ એવી વ્યવસ્થા કરી છે કે આ જન્મની હવા લાગતાં પૂર્વજન્મની બધી સ્મૃતિ લોપ થઈ જાય છે. માતાના ગર્ભમાં હોય છે ત્યારે બાળકને ૫૦ પૂર્વજન્મોની યાદ રહે છે. પણ જન્મ થતાં આ જગતની હવા જ્ઞાનતંતુઓને લાગે છે ત્યારે એ બધું ભૂલી જાય છે. પ્રાણાયામ વગેરે કરીને જ્યારે યોગી પોતાની વૃત્તિ સૂક્ષ્મ બનાવે છે ત્યારે પોતાના પૂર્વજન્મોને જોઈ શકે છે. માત્ર યોગી જ જોઈ શકે છે એવું નથી, તમે પણ જોઈ શકો. ભૂતકાળમાં દષ્ટિ કરવાની એક તરકીબ છે. તમે સૂઈ જાઓ, તમારા શરીરનું ધ્યાન કરો. પછી સ્મૃતિને ભૂતકાળ તરફ વાળો. ધારો કે અત્યારે તમે ૨૦ વર્ષના છો. બે વર્ષ પહેલાંની ઘટના યાદ કરો, ચિંતન કરો. પછી બીજાં બે વર્ષ

પાછળ જાઓ. એમ કરતાં કરતાં છેક બાળપણ સુધી જાઓ. પછી તમારી ગર્ભાવસ્થાને યાદ કરો. પછી ગર્ભમાં આવ્યા પૂર્વેનો જન્મ યાદ કરો. ત્યારે તમે ક્યાં કેવી રીતે હતા તે મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરો. સ્મરણ-શક્તિને ઢંઢોળો. એમ કરતાં કરતાં તમારા પૂર્વજન્મો પરથી પડદો ધીરે ધીરે ખસવા માંડશે.

કોઈ એક સંત પાસેથી આ યુક્તિ સાંભળીને એક સ્ત્રીને પોતાના પૂર્વજન્મો જોવાની ઇચ્છા થઈ. સંતે ખૂબ ચેતવણી આપી કે પોતાના પૂર્વજન્મોમાં ડોકિયું કરવું એ દુઃસાહસ છે. એ અનુભવ જીરવી શકાતો નથી. માટે એ વિચાર રહેવા દે. પણ સ્ત્રીની ઇચ્છા પ્રબળ હતી.

આખરે સંતે પ્રયોગનાં સોપાન બતાવી દીધાં કે આમ આમ કર. સ્ત્રીએ પ્રયોગ કર્યો ને પોતાના અસંખ્ય પૂર્વજન્મો જોયા. તેના પૂર્વજન્મોમાં એક જન્મ વેશ્યાનો પણ હતો. એક જન્મ મહારાણીનો હતો, એક જન્મ દેવીનો હતો, એક જન્મ કૂતરીનો પણ હતો. આ બધું જોઈને એ સ્ત્રી પરેશાન થઈ ગઈ, પાગલ જેવી થઈ ગઈ. અત્યારે એ જીવતી છે. સંત પાસે જઈને એ ખૂબ રડી. કહે :

'આ બધું મને શું થયું ? હું ને વળી વેશ્યા ? હું ને વળી કૂતરી ? ચકલી ? પહેલાં દેવી બની ને પછી રાક્ષસી બની ? તમે આ મને શું કરી નાખ્યું ?'

સંત કહે : 'મેં તને પહેલેથી જ ચેતવણી આપી હતી કે પોતાના પૂર્વજન્મોમાં ડોકિયું કરવાની ચેષ્ટા કરવી એ દુઃસાહસ છે. પણ તેં જિદ્દ પકડી. તેં જ આગ્રહ કર્યો. મેં તને થોડું જ આમંત્રણ આપ્યું હતું ? તેં હઠ પકડી તો મેં વિધિ બતાવી. હવે એ બધું જોયું તે જોયું. ભૂલી જા એ દૃશ્યોને. માની લે કે કશું જ થયું નથી.'

સ્ત્રી કહે : 'કશું કેમ થયું નથી ? આટલું બધું જોયુંને ? તમે મને આ શું કરી નાખ્યું ?'

સંત કહે : 'મેં તને કંઈ નથી કર્યું. તેં તારી જાત સાથે આ શું કર્યું છે ?'

તમને પણ જો તમારા પૂર્વજન્મો બતાવવામાં આવે તો તમે તમારી જાત પર ઘૃણા કરશો અથવા તો ખૂબ હસશો. પૂર્વજન્મો જોવાની વિધિ પર સંદેહ કરશો. અરે, પૂર્વજન્મની વાત જવા દો, તમારા આ જન્મને જ જરા ધ્યાનથી જુઓ. બે કલાક પહેલાં તમે કેવા હતા? ચંચળ, અશાંત. અત્યારે કેવા છો ? શાંત, નિર્વિકાર. બે કલાક પછી તમે કેવા હશો ? ખોપડીમાં ફરીથી ચકલાં ભરાઈ જશે ને ચીંચીં ચાલુ થઈ જશે. દિવસભરમાં તમારો સ્વભાવ કેટલો ઉપર નીચે જાય છે ? એક દિવસના સંસ્કાર, એક માસના સંસ્કાર, એક વર્ષના સંસ્કાર, અને એમ કરતાં આખા જીવનના સંસ્કાર તમને છેવટે કેટલાય જન્મોમાં લઈ જાય છે.

જે માનવી પરમ સત્યને ઉપલબ્ધ થાય છે તેના જન્મો-જન્મના અનંત સંસ્કારો એ અનંત પરમાત્મામાં ડૂબી જાય છે. આવા પુરુષની દૃષ્ટિ એક જ તત્ત્વ તરફ હોય છે તેથી એ એક જેવા જ દેખાય છે. જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન. हर हालमें मस्त……

અજ્ઞાની ? જ્યારે જુઓ ત્યારે પરેશાન. સવારે જુઓ તો તેનો ચહેરો એક, ચા પીધા પછી બીજો, બીડી પીધા પછી ત્રીજો, નાસ્તો કર્યા પછી ચોથો, ઓફિસમાં જશે તો પાંચમો. ત્યાં પટાવાળો સામે આવશે તો તેનો ચહેરો વળી છ નંબરનો હશે. પોતે ઉપરી સાહેબ પાસે જશે તો ચહેરો સાત નંબરનો હશે. કામ લઈને કોઈ મળવા આવ્યું હશે તો ચહેરો આઠ નંબરનો

બનશે. કેટલીવાર ચહેરો બદલાય છે? કેટલીવાર દિલ બદલાય છે? તમે જરા બારીકાઈથી પોતાનું નિરીક્ષણ કરજો. જ્યારે તમે પોતાનાથી નાના માણસ પાસે જાઓ ત્યારે કેવા હો છો અને કોઈ મોટા માણસ પાસે જતાં કેવા દબાઓ છો! બહાર એનો એ જ ચહેરો હોવા છતાં અંદરથી તમે કેવા બદલી જાઓ છો? મન કેવાં રૂપ લે છે? ક્યારેક ચહેરા પર દેવત્વ નાચે છે તો ક્યારેક પાશવતા તાંડવ નૃત્ય કરે છે. મનની આકૃતિ મુખપર દેખાય છે. અજ્ઞાની અંદરથી બદલે છે તેથી બહાર ચહેરા પર એની છાપ ઉપસે છે. ફકીર અંદરથી એક-રસ રહે છે પણ બહારના વાતાવરણ મુજબ બહાર એવો અભિનય કરી બતાવે છે. પોતાનો મૂળ ચહેરો જ્યારે ઇચ્છે ત્યારે પાછો લાવી શકે છે. અજ્ઞાની બીજા લોકોનો નચાવ્યો નાચે છે જ્યારે જ્ઞાની પોતાની સંમતિથી નાચે છે. ફકીર સ્વતંત્ર રીતે નાચે છે જ્યારે અજ્ઞાની પરતંત્ર થઈ નાચે છે. અજ્ઞાની વાજિંત્ર વાગે એ પ્રમાણે નાચે છે જ્યારે ફકીર નાચે છે તે પ્રમાણે વાજિંત્રો વાગે છે. નાચે બંને છે પણ બે વચ્ચે મોટો ફરક છે. વાજિંત્રના તાલ પ્રમાણે નૃત્ય બદલે એ સામાન્ય વાત છે. નૃત્યને અનુસરીને વાજિંત્રનો તાલ બદલે એ આખરી વાત છે.

ધર્મનો અર્થ એ જ છે કે તમારા નૃત્ય પ્રમાણે વાજિંત્ર-નો તાલ બદલી જાય. તમારી અંદરની મસ્તીથી બહારના વાતા-વરણમાં મસ્તી આવી જાય. એક ક્ષણવાર અંદર ડૂબકી મારીને બહાર નિહાળો તો પ્રસન્નતા પ્રસરી જાય. ક્રોધી માણસ પણ પાણી પાણી થઈ જાય.

તમે એવું ન ધારશો કે ભગવાન અમારી માન્યતા પ્રમાણેના રૂપમાં હશે. જ્યારે તમે સત્યને ઉપલબ્ધ થશો ત્યારે જાણશો કે આજ સુધી તમે ભગવાનને જેવા માનો છો તેવા

નથી. આજે પરમાત્મા વિષે તમે જે કલ્પના કરીને ચાલો છો તે પરમાત્મા આખરી વાસ્તવિકતા જાણશો ત્યારે સિદ્ધ નહિ થાય. જ્યારે પરમાત્મા સિદ્ધ થશે ત્યારે તમે નહિ રહો. જ્યાં સુધી તમે છો ત્યાં સુધી પરમાત્મા સિદ્ધ નહિ થાય; અને જો સિદ્ધ થતા હોય તો સમજી લો કે હજી પૂરી ઓળખાણ થઈ નથી. વાત જરા અટપટી છે. ઝટપટ સમજમાં નહિ આવે. જેને તમે પરમાત્મા માનીને સેવા-પૂજા કરીને ઘેર પાછા આવો છો એ પરમાત્માનું એક સ્વરૂપ છે પણ આખરી નહિ. એ પરમાત્મા છે પણ તમે જે જગ્યાએ બેઠા છો તે મુજબ પરમાત્મા બની ગયા. જેટલા તમે પાછળ હટ્યા તેટલા પર-માત્મા આવિર્ભૂત થયા. તમે પૂરા હટી જાઓ તો પરમાત્મા પણ પૂરા પ્રગટ થઈ જાય.

थाप्या न जाई किता न होई ।
आपे आप निरंजन सोई ॥

જે પરમાત્માની તમે પૂજા કરો છો તે પરમાત્માની સ્થાપના થઈ શકે છે. એ પરમાત્માને હથોડા-ટાંકણાંથી બનાવી શકાય છે.

મંદિર નાનું મોટું હોઈ શકે છે, મૂર્તિ નાની મોટી હોઈ શકે છે પણ પરમાત્મા કદી નાના મોટા હોઈ શકતા નથી. મંદિર જીર્ણશીર્ણ થઈ શકે છે, પરમાત્મા નહિ. જેની સ્થાપના ન કરી શકો, જેને બનાવી ન શકો, બગાડી ન શકો એ પર-માત્મા છે. તમારી મહેનત અને તમારી કલ્પનાથી જે બની જાય અને તમારી નારાજીથી તૂટી જાય એ તમારા પરમાત્મા હશે, ફકીરોને જેની અનુભૂતિ છે એ પરમાત્મા નહિ હોય.

જે ભગવાનનું મંદિર તમે બનાવી શકો છો તે ભગવાન-નું મંદિર મુસલમાનો તોડી પણ શકે છે. જે ખુદાતાલાની

મસ્જિદ મુસલમાન બનાવે છે તે ખુદાતાલાની મસ્જિદને હિંદુઓ તોડી પણ શકે છે. હિંદુઓના બનાવેલા ઈશ્વરને મુસલમાનો અને મુસલમાનોના બનાવેલા ખુદાને હિંદુઓ તોડી શકશે. પરંતુ જે સ્વયં ઈશ્વર છે, જે સ્વયં ખુદા છે તેને કોઈ નહિ તોડી શકે. માનવીનો બનાવેલો ઈશ્વર તૂટી જાય છે. આથી તો ઝગડા થાય છે. પોતે બનાવેલ મંદિરને લોકો તોડે તો માનવી કહેશે કે ભગવાનનું મંદિર તોડી નાખ્યું. અરે, મંદિર કંઈ ભગવાનનું થોડું હોય છે! એ તો માનવ-રચિત છે અત્યારે તમે જે અવસ્થામાં રમી રહ્યા છો ત્યાં ભલે મનમાન્યા ભગવાન ને ભગવાનનું મંદિર બનાવી લો; પણ ખરા ભગવાન તો :

थाप्या न जाई किता न होई,
आपे आप निरंजन सोई ।
जिन सेव्या तिन पाया मान,
नानक गाये गुण निधान ॥

એ પરમાત્માનું સેવન કોઈ કરી લે, કોઈ ફકીરની મહતી કૃપાથી એ પરમાત્માને જાણી લે, એકવાર એ પરમાત્મામાં ખોવાઈ જાય તે ધન્ય બની જાય, કૃતકૃત્ય બની જાય.

તમે શિવજીની પૂજા કરો છો તે ખૂબ નીચેની ભૂમિકાએ આવીને કરો છો.

એક સ્ત્રી હતી, ભોજણ. પતિવ્રતા હતી. તેના માટે પતિ જ પરમાત્મા હતો. તેનો પતિ ભોજૂ બહારગામ ગયો હતો. પત્નીએ ભોજૂના ફોટાની પૂજા વિધિ આરંભી દીધી. સવારે ફોટાને સંબોધીને કહે : પતિદેવ ઊઠો. દાતણ કરો, સ્નાન કરો, નાસ્તો કરો. હવે દુકાને જાઓ. હું શાકભાજી લેવા જાઉં છું.

દુકાનેથી ભોજૂનો આવવાનો સમય થતો એટલે ભોજણ ફોટા આગળ હાથપગ ધોવા પાણી મૂકતી, પાટલો મૂકતી. થાળી પીરસીને કહેતી : ખાઓ ભોજન. આજે થાકયા લાગો છો. લાવો પગ દાબી દઉં... વગેરે વાતો કરી લેતી. જેમ બીજા ભકતો ભગવાન બનાવે તેમ ભોજણે પતિને પરમાત્મા બનાવી દીધો. વાસ્તવમાં તો પતિ પણ પરમાત્મા છે, પરંતુ માત્ર પતિ જ પરમાત્મા છે એમ નહિ. જો પતિ જ માત્ર પર-માત્મા હોય તો બાકીનું બધું અપરમાત્મા છે? ના, પરમાત્મા સર્વત્ર છે. પરમાત્મા પતિના રૂપમાં પણ છુપાયા છે, ગુરુના રૂપમાં છુપાયા છે, શિષ્યના રૂપમાં છુપાયા છે. માત્ર પરમાત્માને જોવાની આંખ ખુલી જાય. આકાશને જોવાની બારી મળી જાય. એકમાં પરમાત્મા દેખાઈ જાય તો ધીરેધીરે બધે જ પરમાત્માની ઝાંખી થવા લાગે. અલબત, પતિમાં પરમાત્મા જોવા જશો તો જલ્દી નહિ દેખાય; કારણ કે હજુ ખુદ પતિએ પણ પોતામાં પરમાત્મા જોયા નથી. પત્નીમાં પરમાત્મા જોવા જશો તો જલ્દી નહિ દેખાય; કારણ કે હજુ પત્નીએ પણ પોતામાં પરમાત્મા જોયા નથી.

ગુરુએ પોતામાં પરમાત્મા જોયા છે; પૂર્ણ સાક્ષાત્કાર કર્યો છે. ત્યાં પડદો પૂરો હટેલો છે. તેથી ગુરુમાં ભગવદ્ બુદ્ધિ કરવી અનુકૂળ પડે છે. ગુરુ પરમાત્માનું સ્વરૂપ છે. હકીકતમાં તો પતિ પણ પરમાત્માનું સ્વરૂપ છે, પત્ની પણ પરમાત્માનું સ્વરૂપ છે. અરે, કૂતરો પણ પરમાત્માનું સ્વરૂપ છે. પરંતુ બીજે બધે હજી પડદો હટયો નથી. ગુરુમાં એ પડદો હટી ગયો છે; માટે ગુરુમાં પરમાત્માને નિહાળો.

સર્વવ્યાપક પરમાત્મા પર દૃષ્ટિ રાખીને જે સેવાપૂજા કરે છે તેને અનંતફળ મળે છે. એ પરમાત્મા અનંત છે, બાકીનાં

બધાં દેવીદેવતા સાન્ત છે.

જીવ અનાદિ છે પણ અનંત નથી. જીવ ક્યારથી થયો? કંઈ ખબર નથી. એક હજાર વર્ષથી તમે જન્મતા આવ્યા છો? ના. લાખ વર્ષથી? ના. કરોડ વર્ષથી? ના. અબજ વર્ષથી? ના. કોઈ હિસાબ નથી. તમે ક્યારથી આવ્યા છો? આજે તમે અહીં છો તો આજે જ પેદા નથી થયા. કાલે હતા તેથી તમે આજે છો. માત્ર કાલે જ નહિ, પરમ દિવસે પણ તમે હતા, દસ વર્ષ પહેલાં હતા, આ જન્મ પહેલાં પણ હતા તેથી આજે છો. તમે તમારાં માબાપથી જોડાયલા છો. તમારાં માબાપ તેમનાં માબાપ સાથે જોડાયલાં છે. તમે એક વિરાટ શૃંખલા છો. તમારી આગળ તમારા પૂર્વજોની સાંકળ છે. તમારી પાછળ તમારાં સંતાનોની સાંકળ છે. આ સાંકળનો છેડો ક્યાં છે? ક્યાંય નથી. નથી પાછળનો છેડો કે નથી આગળનો છેડો. તો તમે કોણ છો? અનાદિ. પાછળના છેડાનું ઠેકાણું નથી પણ જો તમે મોક્ષ પામો તો પાછળનો છેડો આવી જાય. તેથી તમે અનાદિ ખરા પણ અનંત નહિ, સાંત છો. તમને સંતાન ન થાય તો તમારી પરંપરાનો અંત આવે. કબીરે કહ્યું :

डूबा कुल कबीर का जो हुआ पूत कमाल ।

કબીરે તો એક કુલ ચલાવ્યું પણ કમાલે તો એ પણ બંધ કરી દીધું; ગડબડ હટાવી દીધી. મગજમારી જ નહિ. કમાલે ન લગ્ન કર્યાં, ન વંશ ચલાવ્યો. લોકો તો વંશ ન ચાલે તો દુઃખી થાય; પરંતુ કબીર અને કમાલ તો તેથી રાજી થાય. એ બંને અનંતફળને ઉપલબ્ધ થયા હતા.

અર્જુને ભગવાનને પૂછ્યું : 'હે કેશવ! જ્ઞાની કેવા હોય છે?' જવાબમાં ભગવાને જ્ઞાનીનું વર્ણન કર્યું છે :

अनारंभ परित्यागी..........

જેનો કોઈ આરંભ નથી, અંદરથી જેનો કોઈ નક્કર આગ્રહ નથી તે જ્ઞાની છે.

રમણ મહર્ષિએ એકવાર અરૂણાચલમ પર્વત પર ફરવા જવાનું નક્કી કર્યું ને અપવાસ રાખ્યો. રસ્તામાં કોઈ ભક્ત મહિલાઓ મળી. પ્રેમથી ભોજન બનાવી લાવી હતી. કહે : મહર્ષિ! આ ખાઈ લો. મહર્ષિએ ભોજન આરોગી લીધું. પછી બીજી મહિલાઓ મળી. કહે 'ખાઈ લો' તો મહર્ષિએ ખાઈ લીધું. ત્યારબાદ ત્રીજી ટુકડી મળી. તેમના પદાર્થો પણ સ્વીકાર્યા.

મહર્ષિ જો ધાર્મિક વ્યક્તિ હોત તો ખિન્ન થઈ જાત. 'અરે મારો અપવાસ તૂટી ગયો. મને પતનની ખાઈમાં ધકેલી દીધો. ક્યાં આ સ્ત્રીઓએ આવીને મારા પગ પકડ્યા! ....' એમ કહીને અશાંત થઈ જાત. મહર્ષિની જગ્યાએ કોઈ વિલાસી વ્યક્તિ હોત તો મોહ પામત કે : 'વાહ! અપવાસ કર્યો એટલે આવું ઉત્તમ ભોજન, માલમલિદા ખાવા મળ્યા.' મહર્ષિ તો અનંતને ઉપલબ્ધ થયા હતા તેથી હર હાલતમાં મસ્ત હતા. વાત તૂટી ગઈ તો તૂટી ગઈ. નિયમ ન પળાયો તો ન પળાયો. ખાઈ લીધું તો ખાઈ લીધું. ભૂખ્યા રહ્યા તો ભૂખ્યા રહ્યા. કોઈ આગ્રહ નહિ, કોઈ આરંભ નહિ.

अनारंभ परित्यागी स्थितःप्रज्ञस्तदोच्यते ।

અનારંભનો અર્થ એ નહિ કે આળસુ ટટ્ટુની જેમ બેસી રહ્યો છે. બધું થઈ રહ્યું છે. તેમાં પુરી શક્તિ લગાડી દે છે. 'આરંભ કરવામાં શક્તિનો ક્ષય થાય છે, પછી આ કરવું છે...' એમ વિચારીને શક્તિ બચાવીને રાખી મૂકતો નથી. કારણ કે એની પાસે શક્તિનો પુરવઠો મર્યાદિત નથી. જે વખતે જેટલી શક્તિ જોઈએ તેટલી

મળી રહેવાની છે. તમારો પગાર પાંચસો રૂપિયા હોય તો તમે એ બધા રૂપિયાથી ચોખા ન ખરીદી શકો; કારણ કે તમારે એ પાંચસોમાંથી દૂધવાળાને આપવાના છે, દુકાનવાળાને આપવાના છે, કપડાં ખરીદવાં છે, શાળા–કોલેજોમાં ફી ભરવાની છે. પણ જો તમારી પાસે ધનના અનંત ભંડાર હોય તો એ બધો વિચાર ન કરવો પડે. તમે વટથી કહી શકો : '૨૫૦ રૂપિયાની એક બોરી થશે? સારું. બે બોરી મોકલી આપજો. પાંચસો રૂપિયા લાગે તો લાગે.'

મોટા વેપારી જેમ ખરીદી કરી શકે છે તેમ નોકરિયાત ખરીદી ન કરી શકે; કેમ કે વેપારી પાસે ભરપૂર મૂડી છે. તેવી જ રીતે જ્ઞાની પાસે પણ ઊર્જાનો ખજાનો અખૂટ છે, તેમના દ્વારા જે કંઈ થશે તે પૂર્ણ જ હશે. તે જેને પ્યાર કરશે તેને પૂર્ણ રીતે પ્યાર કરશે. કોઈને આશિષ આપે તો એમ ન વિચારે કે : 'થોડીક આશિષ આને આપું, થોડીક બીજાને. વળી પાછળ પણ આશિષ લેવાવાળાઓની લાઈન લાગી છે. તેમના માટે પણ બચાવું. અથવા મારાં પુણ્ય ખતમ થઈ જશે. માટે થોડી થોડી આશિષ બધાને આપું.' મહાત્મા હશે તે માપ તોલથી નહિ આપે. આપવા બેસે તો ખોબે ખોબે આપે. મોજ આવે તો બિલકુલ ન આપે. તેથી જ તો કહેવાય છે કે ઠગવા તો સંતોને ઠગવા, બીજાને ઠગીને શું મળવાનું છે? બીજાને ઠગશો તો જે કંઈ મળશે તે સાન્ત એટલે કે અંતવાળું હશે. સંત ફકીરને ઠગશો, સત્ગુરુને ઠગશો તો અનંત ફળ મળશે. કેમ કે તેમની પાસે અનંતની જ મૂડી છે. ધર્મના આખરી સોપાને તેઓ પહોંચી ગયા છે. અલબત, ઠગવાની રીત જરા નિરાળી છે.

तीरथ नहाये एक फल संत मिले फल चार ।
सत्गुरु मिले अनंत फल कहे कबीर विचार ॥

ગંગાને ઘાટેથી

[ઘાટવાલા બાબા સાથે એક વાર્તાલાપ તા. ૨-૬-૮૦]

હરિદ્વારમાં ગંગા કિનારે બિરલા ઘાટ પર વર્ષોથી એક મસ્ત ફકીર રહે છે. લોકો તેમને 'ઘાટવાલા મહારાજ' ના નામે ઓળખે છે. તેઓ પોતાની કમર પર એક ટાટ એટલે કંતાનનો ટુકડો પહેરે છે તેથી કેટલાક લોકો તેમને टाटवाले बाबा પણ કહે છે. બહારથી કંગાળ દેખાતા આ બાબા અંદરથી અસીમ ઐશ્વર્યવાન છે. જેમના સંકલ્પ માત્રથી સૃષ્ટિમાં ઉથલપાથલ થઈ જાય એવા અલબેલા ફકીરોમાં એમનું નામ મોખરે છે એમ કહીએ તો એ અતિશયોક્તિ નહિ ગણાય.

એકવાર કોઈ એક જિજ્ઞાસુએ એમને પૂછ્યું :

'બાબા! અજ્ઞાની માનવી પોતાના આત્મકલ્યાણ માટે ગુરુ કરવા તો ઇચ્છે છે પરંતુ સાચા ગુરુ મળતા નથી, તો શું કરીએ?'

બાબા : 'સાચા ગુરુ ન મળે તો પુણ્યકર્મ કરો. જેમનાં પુણ્યકર્મમાં ખામી છે એમને ગુરુ સામે મળી જાય તો પણ

તેઓ થોડા જ ઓળખવાના છે!'

જિજ્ઞાસુ : 'કહેવાય છે કે ગુરુ મળી ગયા પછી તેમની પાસે ટકી રહેવું અતિ કઠિન છે. એમના ઠપકા, ફટકાર સાંભળવા અને ......'

બાબા : 'એ તો સાંભળવા જ પડશે. પોતાની આલોચના-નિંદા–ટીકા સાંભળવી અને તેમ છતાં કોઈથી દ્વેષ ન કરવો એ ગુણ તો સાધનામાં આગળ ધપાવે છે. જ્યાં પોતાનાં અપમાન અને નિંદા થતાં હોય ત્યાં જ સાધકે જવું. આથી અભિમાન ઓગળે છે. અંતઃકરણ શુદ્ધ થાય છે.

પોતાની પ્રશંસા સાંભળવા તો બધા ઉત્સુક હોય જ. નિંદા અને કડવાં વેણ ધીરજથી સાંભળવાં એ જ તો ધીરતા છે. સાધકે કડવાં વેણનું તો અમૃતની જેમ સેવન કરવું જોઈએ. તેણે મીઠાં વેણ સાંભળવાની આકાંક્ષા ન રાખવી, નહિ તો ફસાઈ જશે. ઠગ લોકો મીઠી ભાષા વધારે બોલે છે. તેઓ સાધકને ઠગી લેશે. સાધકે તો એવા બનવું જોઈએ કે કોઈનાથી ઠગાય નહિ. ગુરુ એને બધા પ્રકારનાં માન-અપમાનથી ઉપર ઉઠાવવા માગે છે.'

જિજ્ઞાસુ : 'બાબા ! બીજાનાં કડવાં વચન તો સાંભળી લઈએ, પરંતુ ગુરુ પણ કડવાં વચન બોલે, ધમકાવે, ફટકારે તો બિચારો શિષ્ય...?'

બાબા : 'હા, ગુરુ તો બોલશે જ. શિષ્યે પોતે જ એમને માથું નમાવીને, દંડવત્ પ્રણામ કરીને અધિકાર આપ્યો છે કે હવે મારા જીવનની લગામ આપના હાથમાં છે. હવે જ્યારે ગુરુ કટુ વચન, ધમકી, ફટકાર, ટીકાથી શિષ્યનું ઘડતર કરવા લાગે તો શિષ્યે શા માટે ભાગવું? તેને શું પોતાનું સમર્પણ

યાદ નથી? અને ગુરુનો ફટકાર નથી સાંભળી શકતો તો બીજાનો ફટકાર શું સાંભળી શકવાનો હતો? ગુરુ તો ખૂબ સંભાળી સંભાળીને ફટકારે છે, જેમ કુંભાર ઘડાની અંદર હાથ મૂકીને બહારથી ઘડાને ટપારે છે, તેના પર પ્રહાર કરે છે તેમ. શિષ્ય જો ગુરુનો ફટકાર, ઠપકો સાંભળવાની હિંમત નથી રાખી શકતો તો એ કેવો શિષ્ય છે? એ તો 'શિષ્ય' નામને બદનામ કરે છે.'

જિજ્ઞાસુ : 'બાબા! એવા કેટલાય શિષ્યો જોવા મળ્યા છે કે જેઓ ગુરુઓની વિરુદ્ધ થઈ ગયા હોય ને ગુરુઓને પણ બદનામ કર્યા હોય.'

બાબા : 'હા. એ તો અનાદિ કાળથી થતું જ આવ્યું છે. શિષ્ય જ્યારે ગુરુને માપવાનો પ્રયત્ન કરે છે ત્યારે જ તે થાપ ખાઈ જાય છે. ગુરુને માપવાનો વિચાર શિષ્યના દિલમાં ઊઠયો અને ગુરુના બાહ્ય આચરણ-વ્યવહારને જોઈને એમની ઊંડાઈનો અંદાજ લગાવવો શરૂ કર્યો તો સમજો કે તેના પતનનો પ્રારંભ થઈ ચૂકયો છે. ગુરુની ગુરુતાને એ અત્યારથી શું સમજવાનો હતો? હજી તો એ પોતે જ પૂર્ણ નથી થયો. પોતાની યોગ્યતા તરફ જોતો નથી અને ગુરુની યોગ્યતા માપવા નીકળ્યો છે! આ જ એની ભૂલ છે. અહીં જ એ ઠોકર ખાય છે. આથી તો કહેવાય છે કે આ કામ વીરોનું છે, જેવા તેવાનું નહિ. રેંજીપેંજી લોકો તો જ્યારે તકલીફ આવે છે, ગુરુ કડવાં વચન સંભળાવે છે ત્યારે પાછું વળીને જોવા લાગે છે : 'હવે આગળ કેમ વધાય?.... આ ગુરુ જ અયોગ્ય તો નથીને? જુઓ તો ખરા કેવા ગુસ્સે થાય છે?...' વગેરે. અર્થાત્ સંશયના પહાડો એની અંદર ખડકાવા લાગી જાય છે.

બસ, આવા સમયમાં શિષ્ય જાતને સંભાળી શકે તો

ઠીક છે; નહિ તો ઊભી પૂંછડીએ નાશી જાય અને ગુરુને પણ બદનામ કરવા શરૂ કરી દે. એને કદી ખ્યાલ જ નહિ આવે કે મારી અયોગ્યતાએ જ મને આગળ વધતો અટકાવ્યો છે.'

જિજ્ઞાસુ : 'બાબા! આવા શિષ્ય પ્રત્યે ગુરુની અંદર....?'

બાબા : 'ગુરુને શું છે? ગુરુ તો શિષ્યના કલ્યાણને માટે બધું કરે છે. એમની અંદર તો હંમેશાં હંમેશાં અદમ્ય સ્નેહ-ની ધારા વહેતી રહે છે. તેઓ કોઈ દ્વેષને વશ થઈને થોડા જ કોઈને ધમકાવે-ફટકારે છે? એમના બધા જ રાગ દ્વેષ વ્યતીત થઈ ગયા છે તેથી તો તેઓ ગુરુ બન્યા છે. એમનું કાર્ય સહજ અને સૌને માટે હિતકારી હોય છે.'

જિજ્ઞાસુ : 'બાબા! એવા અદ્વૈત તત્ત્વમાં સ્થિત મહાપુરુષ સામાન્ય રીતે ગુરુ થવા નથી ઇચ્છતા અને જેઓ ગુરુ થવા લાલાયિત છે તેઓ એટલા યોગ્ય નથી...!'

બાબા : 'હા, આત્મમસ્તીવાળા મહાત્મા ગુરુ નથી બનતા. બનેલા દેખાય છે પણ એ લોકોની દૃષ્ટિમાં. વાસ્તવમાં તો તેઓ કદી કંઈ કરતા જ નથી.'

જિજ્ઞાસુ : 'પણ એથી તો બાબા, શિષ્યો કેવી રીતે લાભ લઈ શકશે? કેટલાક ભોળા લોકો તો ઢોંગી ગુરુઓના ચક્કરમાં ફસાઈ જશે.'

બાબા : 'સાચા જિજ્ઞાસુઓ લાભ ઉઠાવી લે છે. તેઓ એમની પાસે મૌન થઈને બેસે તો પણ તેઓને લાભ મળી જશે. આવા જિજ્ઞાસુઓ એ મહાપુરુષની દરેક સહજ ક્રિયામાંથી પોતાના માટે ઉપદેશ તારવી લેશે, પ્રેરણા પામી જશે.'

જિજ્ઞાસુ : 'આ તો ઉત્તમ જિજ્ઞાસુની વાત છે. પણ બાબા! બાકીના લોકોનું શું થશે?'

બાબા : 'તેમણે શું બધા લોકોને સુધારવાનો ઇજારો રાખ્યો છે! ગુરુ એ બધાની પાછળ પાછળ ક્યાં સુધી મરશે? શાસ્ત્રો કહે છે કે કોઈના ગુરુ, ઉપદેશક, પથપ્રદર્શક ન બનો....! કંઈ બનશો નહિ. કંઈ પણ બન્યા કે તરત આપત્તિને આમંત્રણ આપ્યું જ સમજો.'

જિજ્ઞાસુ : 'બાબા! તો પછી લોકોનો ઉદ્ધાર કેવી રીતે થશે, જો કોઈ મહાત્મા-ફકીર લોક પણ આવી જવાબદારી નહિ ઉપાડે તો?'

બાબા : 'બનો નહિ અર્થાત્ સંબંધ ન બનાવો. ઉપદેશ આપી દીધો, માર્ગ બતાવી આપ્યો, બસ! પણ 'માર્ગ મેં બતાવ્યો, આ મારો શિષ્ય છે....' એવો ભાવ ન બનાવો, અર્થાત સંબંધ બાંધવો એ બંધનનું કારણ બની જાય છે.'

જિજ્ઞાસુ : 'એવા મહાત્મા સંબંધ નથી બાંધતા પરંતુ એમના સાંનિધ્યથી જે અલૌકિક લાભ અને આત્મિક શાંતિ મળે છે તેથી ભક્ત લોકો તો એમની પાછળ પાછળ આવશે જ અને ગુરુ એમના તરફ ધ્યાન નહિ આપે તો....?'

બાબા : 'પાછળ પાછળ જવાની શું જરૂર છે? તેઓ કહે છે તે પ્રમાણે કરવું કે તેમની પાછળ પાછળ ફરવું? દેહની પાછળ પાછળ ભટકવાથી શું થશે? સારો શિષ્ય એ છે કે જે ગુરુના કહ્યા પ્રમાણે ચાલે. ગુરુમુખ બનો, મનમુખ નહિ. ગુરુના કહ્યામાં ચાલો, બધું ઠીક થઈ જશે. મોટાં મોટાં દેખાતાં આપત્તિ-ઓનાં ઘનઘોર વાદળાં પણ ગુરુમુખ શિષ્યને ડરાવી શકતાં નથી. એના દેખતાં દેખતાં જ તેઓ છિન્ન ભિન્ન થઈ જાય છે. ગુરુમુખ શિષ્ય કદી થાપ નથી ખાતો. એને પોતાના ગુરુના મહિમા પર પૂરો ભરોસો હોય છે. એવો શિષ્ય અવશ્ય પાર

થઈ જાય છે આ દુર્ગમ માયાથી. ગુરુકૃપાથી એક દિવસ એ પણ પોતાના અમરત્વનો અનુભવ કરી લે છે. એ પોતે ગુરુ-પદે આરૂઢ થઈ જાય છે. પછી એને કોઈની ભલાઈ કરવાની ચિંતા કરવી પડતી નથી, એના દરેક ક્રિયાકલાપોથી લોકોનું હિત જ થાય છે. એનું કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી. એનાં બધાં જ કર્તવ્યો પૂરાં થઈ ગયાં, કારણ કે જે એકને જાણવા માટે બધાં જ કર્તવ્યોની રચના કરવામાં આવી છે તે એકને તેણે ગુરુકૃપાથી જાણી લીધું. હવે તેને પોતાને માટે કંઈ પણ કરવાનું બાકી નથી. એના દ્વારા હવે જે કંઈ થશે તેનાથી બીજા-ઓનું હિત જ થશે. એ જે કંઈ બોલશે તે શાસ્ત્ર બની જશે, જેને નિહાળશે તે પવિત્ર થઈ જશે, જે ખાદ્ય પદાર્થને સ્પર્શશે તે પ્રસાદ બની જશે, જે ભૂમિ પર પગ મૂકશે તે તીર્થ બની જશે. ત્યાંની માટી પણ પૂજવા યોગ્ય બની જશે.

ૐ શાંતિ : ! ૐ શાંતિ : !! ૐ શાંતિ : !!!

卐

ભક્તોના ભાવ

* જાકો રાખે સાઈયાં... !

૭ મી માર્ચ ૧૯૮૦ની આ વાત છે. એ દિવસે પૂજ્યશ્રી સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં સુરતથી ગાંધીધામ પધારી રહ્યા હતા. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ભક્તો અને દર્શનાર્થીઓની ભારે ભીડ જામી હતી. 'સંત શ્રી આશારામ બાપુકી જય....' ના નાદોથી સ્ટેશન ગુંજી ઊઠયું હતું. રેલ્વે સ્ટેશનના કેટલાક અધિ-કારીઓ પણ આ દૃશ્ય જોઈ રહ્યા હતા. આ પ્રેમભર્યા વાતાવરણ-ને જોઈને બધા હૃદયપૂર્વક ઇચ્છી રહ્યા હતા કે પૂજ્યશ્રીની ગાડી વધારે સમય રોકાય.

પૂજ્યશ્રીએ મધુર વાણીમાં થોડીવાર સત્સંગ કર્યો અને પ્રસાદ વહેંચ્યો. એટલામાં તો ગાડીએ સીટી વગાડી અને રવાના થઈ; પરંતુ ભાવુક-હૃદય ભક્તોને એ સ્વીકાર્ય ન હતું. તેઓ પણ બધા ગાડી સાથે ધીમે ધીમે દોડવા લાગ્યા. આ દોડધામમાં ૧૮ વર્ષની એક સત્સંગી બહેન માયા કુમારી લીલારામ દુલાણી

(સૈજપુર બોઘા, અમદાવાદ) ચાલતી ગાડીએ પ્લૅટફૉર્મ નીચે ગાડીના પાટા પર પડી ગઈ. ગાડી રોકવા માટે સાંકળ ખેંચવામાં આવી પરંતુ ત્યાં સુધી તો ગાડી આશરે ૨૦૦ વાર આગળ નીકળી ચૂકી હતી.

ખબર પડતાં જ ડ્રાયવરે ગાડીને રોકી. બધાનાં હૃદય ધડકી રહ્યાં હતાં. છોકરી હવે ગાડી નીચેથી જીવતી બહાર નીકળશે કે મરેલી! પૂજ્યશ્રી પણ પોતાના કમ્પાર્ટમેન્ટમાંથી બહાર પધાર્યા. છોકરીને ગાડી નીચેથી ઊંચકીને પ્લૅટફૉર્મ ઉપર લાવવામાં આવી. જોયું તો તે બિલકુલ સહીસલામત હતી. તેણીના શરીરે ક્યાંય નાનો સરખો ઘસરકો સુદ્ધાં નહોતો પડ્યો. તેણીને જીવતી જોઈને પૂજ્યશ્રીના જય જયકારથી સ્ટેશન ફરી એકવાર ગુંજી ઊઠયું. રેલ્વે કર્મચારીઓ આપસમાં કહી રહ્યા હતા કે આ પ્રમાણે ટ્રેન નીચેથી છોકરી જીવતી નીકળે એ મહાન આશ્ચર્યની વાત છે. આ સંતની અદ્ભુત શક્તિનો જ ચમત્કાર છે. નહિ તો છોકરી પડી ગયા પછી ગાડી આટલી આગળ ચાલે છતાં છોકરીને કોઈ ઈજા ન થાય ને જીવતી બહાર નીકળે એ તો બને જ નહિ.

છોકરીએ સ્વસ્થ થઈને પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં કે તરત પૂજ્યશ્રીની અપાર કૃપાનું સ્મરણ થતાં રડી પડી.

અમે જ્યારે એ છોકરીને પૂછ્યું કે તું કેવી રીતે બચી ગઈ? ત્યારે તેણીએ જણાવ્યું :

'કોઈનો ધક્કો વાગવાથી જ્યારે હું ગાડીના પાટા પર પડી તો મને લાગ્યું કે હવે હું મરી જઈશ. ત્યારે મેં 'સાંઈ.... સાંઈ...' એવો પોકાર કર્યો. અચાનક મેં જોયું તો સાંઈ આવ્યા અને એમણે પોતાના હાથથી ધક્કો મારીને મને પાટા પરથી

ખસેડી દીધી ને બોલ્યા : 'ગભરાય છે શા માટે ? તને કોણ મારી શકે છે?'

મારા દેખતાં દેખતાં કેટલાય ડબ્બા મારા શરીરને અડીને આગળ સરકી ગયા પણ કોઈએ મને ઈજા ન કરી. એ વખતે હું તો બસ, સાંઈના ધ્યાનમાં મગ્ન થઈ ગઈ હતી.'

આવી વિલક્ષણ છે સાંઈની કૃપા!

जाको राखे साईंयां मारी सके ना कोय ।

એ લોકોક્તિ એ દિવસે અમે પ્રત્યક્ષ ચરિતાર્થ થતી જોઈ.

— શ્રી હોતચંદ ખાનચંદ દુલાણી,
૧૪, કુબેરદાસ જૂની ચાલ, સૈજપુર બોઘા, અમદાવાદ.

ડૉક્ટરોનાય ડૉક્ટર પૂજ્યશ્રી...

પૂજ્ય સ્વામીજીનાં પુસ્તકોના વાચન મનન પછી મને પૂજ્યશ્રીમાં ખૂબ જ શ્રદ્ધા જાગી હતી. એકવાર મારાં પત્ની ખૂબ જ બિમાર પડી ગયાં. હું પોતે ડૉક્ટર છું અને અમારા બહોળા કુટુંબમાં અઢાર ડૉક્ટરો છે. એમાંના હાજર રહેલા અમે ત્રણ ડૉક્ટરો ઉપરાંત શહેરના એમ.ડી. થયેલા અન્ય ડૉક્ટરોની કોન્ફરન્સ બોલાવીને બિમારીનું નિદાન કરવા પ્રયત્ન કર્યો પણ કોઈ ચોક્કસ નિદાન થઈ શક્યું નહિ. બિમારી વધતી ચાલી. હવે કોઈ ઉપાય ન રહ્યો. પત્નીના જીવન અંગે ખૂબ ચિંતા થવા લાગી. એવામાં પૂજ્યશ્રીનું સ્મરણ થયું. હૃદયમાં આશાનું એક કિરણ ઝબકી ગયું. પૂજ્યશ્રીનાં પુસ્તકો અને ફોટાઓ મોકલનાર અમારા વેવાઈ શ્રી શામજીભાઈને

અમદાવાદ પત્ર લખ્યો અને આશીર્વાદ માટે પૂજ્યશ્રીનાં શ્રીચરણે પ્રાર્થના કરવા કહ્યું. સમાચાર મળ્યા કે પૂજ્યશ્રી તો હિમાલય પધાર્યા છે. છતાં અમે બંનેએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી અને ટૂંક સમયમાં જ દરદી ઉપર પૂજ્યશ્રીના આશીર્વાદ ઊતર્યા. તબિયતમાં એકદમ સુધારો થયો. અનેક નિષ્ણાત ડૉકટરો જે રોગનું નિદાન કરી ન શકયા તે રોગ હિમાલય પધારેલ પૂજ્યશ્રીના આશીર્વાદથી મટવા લાગ્યો. અજબ છે આધ્યાત્મિક જગતનાં રહસ્યો!

અમને પૂજ્યશ્રીનાં દર્શન કરવાની પ્રબળ ઇચ્છા થઈ હતી. પૂજ્યશ્રી ભાવનગર પધાર્યા ત્યારે એ ઇચ્છા સંતોષાઈ. એક કલાક રૂબરૂ મુલાકાત મળી. સત્સંગનો લાભ થયો. મેં પૂજ્યશ્રીને પ્રણામ કરીને હાથ જોડયા તો કોણ જાણે કયાંકથી ભાગ્યે જ જોવા મળે એવું ગુલાબનું એક સુંદર, તાજું મોટું ફૂલ મારા હાથમાં આવી પડ્યું. પૂજ્યશ્રીની એ કૃપા પ્રસાદી હતી. ઘેર જઈને મારાં પત્નીને તે ફૂલ આપ્યું અને પછી પૂજ્યશ્રીની પાવન સ્મૃતિ તરીકે પૂજામાં સાચવી રાખ્યું. ત્યારબાદ પત્નીની તબિયતમાં ૧૦૦ ટકા સુધારો થઈ ગયો.

પરમ હિતકારી સંતોની કૃપા શું નથી કરી શકતી?

સુખ દેવે દુઃખકો હરે કરે પાપકા અંત,
કહ કબીર વે કબ મિલે પરમ સ્નેહી સંત?

—ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ,
૧૧૮૭ 'સૌરભ,' સરપટ્ટણી રોડ, ઘોઘા સર્કલ, ભાવનગર.

સાઈની કૃપાથી લકવો મટ્યો

મારી બાને ૧૭ મી એપ્રિલ, ૧૯૮૦ ના દિવસે અચાનક લકવો થઈ ગયો. અડધું શરીર બિલકુલ જડ થઈ ગયું. આ જોઈને પરિવારમાં અમે બધાં ગભરાઈ ગયાં. ડૉકટરોને કેસ બતાવ્યો પણ તેઓ કંઈ કરી શકયા નહિ. હવે સાઈ જ અમારા એક માત્ર ઉદ્ધારક હતા એવું અમને લાગ્યું.

હું દોડતી દોડતી આશ્રમમાં સાઈ પાસે આવી અને આખી વાત દુઃખી હૃદયે જણાવી. સાઈ બોલ્યા:

'ચિંતા ન કરો. પરમાત્મા પર છોડો. બધું ઠીક થઈ જશે. તારી બા તો અહીં સત્સંગમાં આવે છે, ધ્યાન કરે છે. એને શું થવાનું છે?'

એમ કહીને આશીર્વાદ સાથે પ્રસાદ આપીને મને ઘેર પાછી મોકલી.

ડૉકટરોએ પિતાજીને કહી રાખ્યું હતું કે દરદીની સારવાર કરવા માટે તમે તેમની પાસે જ બિસ્તરો નાખીને આરામ કરજો.

રાતે પિતાજીએ જોયું કે મારી બાના શરીરના રોમે રોમમાંથી 'ૐ રામ... ૐ રામ....'નો પાવન ધ્વનિ સંભળાઈ રહ્યો હતો. એમને ખૂબ જ આશ્ચર્ય થયું. આવો ધ્વનિ કરાવીને સાઈ આશ્રમમાં ધ્યાન કરાવે છે.

દોઢ જ દિવસમાં બાનું જડ થયેલું શરીર પાછું ચેતનવંતું બની ગયું. લકવો મટી ગયો. આ જોઈને પિતાજી સહિત અમને બધાંને આશ્ચર્ય સાથે આનંદ થયો. પિતાજીએ ભાવથી ગદ્ગદ્ થઈને પોતાના હાથે સુખડીનો પ્રસાદ બનાવીને આશ્રમમાં મોકલ્યો. આ ઘટના બાદ પૂજ્યશ્રી પ્રત્યે પિતાજીની

શ્રદ્ધામાં ઓર વધારો થયો. અમારી ડૂબતી નાવને સાંઈએ બચાવી લીધી. ધન્ય છે સાંઈની કૃપાને! કોઈ ભક્ત કવિએ ઠીક જ કહ્યું છે:

इन्साँ की अज्म और हिम्मत से जब दूर किनारा होता है,
तूफाँ में टूटी किश्तीका भगवान सहारा होता है।

—પરમેશ્વરી આમનદાસ નાથાણી,
૬૨, ધર્મનગર, સાબરમતી, અમદાવાદ-૫.

એ ગેબી અવાજ ક્યાંથી આવ્યો ?

મેં પૂજ્યશ્રીના ઘણા ચમત્કાર જોયા અને સાંભળ્યા છે. જ્યારે અમે પૂજ્યશ્રીનું સ્મરણ કરીએ છીએ ત્યારે અનેકવાર પૂજ્યશ્રીએ ઘેરબેઠાં દર્શન આપ્યાં છે. આ વખતે પણ એક વિલક્ષણ ઘટના બની.

પૂજ્યશ્રીનાં દર્શન વિના મને ચેન નથી પડતું. દરરોજ એકવાર આશ્રમે જઈને પૂજ્યશ્રીનાં દર્શન અવશ્ય કરું છું. તા. ૧૪-૪-૮૦ ના પૂજ્યશ્રી કેટલાક ભક્તો સાથે ઉજ્જૈન કુંભમેળામાં પધાર્યા હતા. આશ્રમમાં પૂજ્યશ્રીની ગેરહાજરી જોઈને હું પણ કોઈ કામ અર્થે સૂરત બાજુ કોસંબા ચાલ્યો ગયો.

ઘરમાં દરરોજ સવારે હું ધ્યાનમાં બેસું છું અને મોટેથી 'હરિઃ ૐ....' એવો ધ્વનિ કરું છું. મારી ગેરહાજરીમાં ઉપરના માળે રહેતા અમારા પડોશીએ એક ચમત્કાર જોયો. પ્રાતઃકાલે એમણે જોયું કે રાબેતા મુજબ મારો 'હરિઃ ૐ...'નો ધ્વનિ સંભળાઈ રહ્યો છે. એમને આશ્ચર્ય થયું કે: 'અરે,

પ્યારેલાલ ચાચા તો બહારગામ ગયા છે. તો આ અવાજ ક્યાંથી આવે છે? મારો ભ્રમ તો નથીને? મારી પત્નીને જગાડીને અવાજ સાંભળ્યો. બાળકોએ પણ એ અવાજ સાંભળ્યો. બધાએ સ્પષ્ટ અનુભવ કર્યો કે અવાજ પ્યારેલાલ ચાચાનો જ હતો. નીચે પ્યારેલાલ ચાચાને ઘેર તપાસ કરતાં તેમણે જણાવ્યું કે ચાચા તો બહારગામથી નથી આવ્યા. તો આ ધ્વનિ કર્યો કોણે ?'

જ્યારે હું ઘેર આવ્યો ત્યારે આ બધી વાતો સાંભળીને મને પણ આશ્ચર્ય થયું. આ બધી મારા પ્યારા સાંઈની લીલા હતી. મારી ગેરહાજરીમાં સાંઈએ જાતે આવીને મારો દૈનિક નિયમ અખંડ જાળવી રાખ્યો. આવી ગેબી લીલા કરનાર માયાળુ છે મારા સાંઈ!!

— પ્યારેલાલ આર.
કલાર્ક, રેલવે કોલોની, સાબરમતી, અમદાવાદ.

આપ્તવાણી

* જો તમે રોગ અને વ્યાધિથી મુક્ત રહેવા ચાહતા હો તો હળવા સ્મિતને તમારા સ્વભાવનું એક સ્થાયી અંગ બનાવી દો. જે હસતાં રમતાં જીવન જીવે છે તેનું જીવન એટલું જ મધુરતાથી પરિપૂર્ણ બને છે.
* હસો, અને આખો સંસાર તમારી સાથે હસવા લાગશે. રડો, પરંતુ તમારી સાથે રડનાર કોઈ નહિ મળે. સંસાર તમને ત્યારે જ પસંદ કરશે જ્યારે તમે હસતા મલકાતા હશો.

* જ્યારે ચિંતા, કામ, ક્રોધ તમને ઘેરવા લાગે ત્યારે ઊઠીને જળ પાસે ચાલ્યા જાઓ, આચમન કરો, હાથ મોં ધુઓ, અથવા સ્નાન જ કરી લો. ચોક્કસ શાંતિ થશે. પછી હરિના ધ્યાન રૂપી ક્ષીર સાગરમાં ડૂબકી મારો. વિકારોના ધૂમાડા અને વરાળને જ્ઞાનરૂપી અગ્નિમાં બદલી નાખો.

* પ્રાણવાયુને શરીરથી બહાર કાઢીને તેને યથાશક્તિ બહાર રોકી રાખવાનો અભ્યાસ વારંવાર કરવાથી મનમાં નિર્મળતા આવે છે. શરીરની નાડીઓ શુદ્ધ થાય છે. જીવન મધુર બને છે.

* જો તમે સર્વાંગપૂર્ણ જીવનનો આનંદ લેવા ઇચ્છતા હો તો આવતી કાલની ચિંતા છોડો. તમારી આવતી કાલ અત્યંત આનંદમય છે એવો દઢ વિશ્વાસ રાખો.

* પોતાની વર્તમાન અવસ્થા ભલે ગમે તેવી હોય પણ તેને મહિમાવાન કરવાથી, તેને સર્વોચ્ચ માનવાથી તમારા હૃદયમાં આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાનનો ઉદય અનાયાસ જ થવા લાગશે. આત્મસાક્ષાત્કારને માઈલો દૂર સમજી તેની પાછળ દોડવાથી આત્મસાક્ષાત્કાર નથી થતો.

* પરહિત માટે થોડુંક કામ કરવાથી પણ અંદરની શક્તિઓ જાગૃત થાય છે. બીજાના કલ્યાણના વિચાર માત્રથી હૃદયમાં એક સિંહ જેવું બળ આવી જાય છે.

* મનમાં વારંવાર મડદાંની કલ્પનાને લાવવી એ કામવાસનાથી મુકત થવાનો સર્વોત્તમ ઉપાય છે. મડદાંને જોઈને મન ગભરાવા લાગે છે.

* સમગ્ર સંસાર તમારી અંદર છે. જેવી રીતે સ્વપ્નમાં તમે જુઓ છો કે તમે ક્યાંક જંગલોમાં, પહાડોમાં, નદી, સરોવર કે સાગરના કિનારે ફરી રહ્યા છો અને એ બધો પ્રદેશ તમારાથી

બહાર છે. પરંતુ વાસ્તવમાં તો એ આખો તમાશો તમારી અંદર છે. જો એ ખરેખર તમારાથી બહાર હોત તો તમારો ઓરડો એના ભારથી દબાઈ જાત. તમારો પલંગ પાણીમાં તણાઈ જાત. આ જ પ્રમાણે વેદાંત તમને જણાવે છે કે આ સમગ્ર સંસાર તમારી અંદર છે. સમગ્ર ભૌતિક તેમજ માનસિક જગત તમારી અંદર સ્થિત છે અને તમે ઉલટું એમ વિચારો છો કે એ તમારાથી બહાર છે અને તમે એની અંદર રહો છો !

* ઓ મહાન ! તમારી સર્વશક્તિમાન પ્રકૃતિને ઉદ્‌બુદ્ધ કરો. તમારામાં જ સર્વ શક્તિ છુપાયલી છે. એ શક્તિને જાગૃત કરો. તમે જોશો કે આ આખું જગત તમારાં ચરણોમાં આળોટે છે. એક માત્ર આત્મા જ શાસન કરે છે. જડ પદાર્થ શું શાસન કરવાનો હતો ?

* વૃત્તિ ત્યાં સુધી એકાગ્ર થઈ શકતી નથી જ્યાં સુધી મનમાં કોઈ ને કોઈ આશા, ઇચ્છા સળવળતી હોય. શાંત તે જ રહી શકે છે કે જેને કર્તવ્ય તથા આવશ્યકતા ઘસડી રહ્યાં ન હોય. માટે જીવન સુદ્ધાંની આશા ત્યાગીને મનને બ્રહ્માનંદમાં ઝબોળી દો. આજથી જ સમજી લો કે આ શરીર છે જ નહિ. બ્રહ્માનંદના મહાસાગરમાં નિઃશંક બનીને કૂદી પડો.

* પરિસ્થિતિઓના ધુમ્મસ અને વાદળાંઓને પોતાના પર શા માટે છવાઈ જવા દો છો ? શું તમે સૂર્યોના સૂર્ય નથી ? શું તમે આ બ્રહ્માંડના સ્વામી નથી ? એવી કઈ પરિસ્થિતિઓ છે કે જેને તમે હટાવી ન શકતા હો ? કોઈ પણ ખરાબમાં ખરાબ પરિસ્થિતિને વાસ્તવિક ન સમજો. તમે નિર્ભય છો, નિર્ભય છો, નિર્ભય છો.

પૂજ્યશ્રીની અમૃતવાણીનાં અન્ય રત્નો

વાસ્તવિક જીવનનો રાહ	ગુજરાતી	૧-૫૦
વ્યવહારમાં વેદાંત	,,	૧-૫૦
જીવનનાં અજવાળાં	,,	૧-૫૦
આતમ દીપ જગાવો	,,	૧-૫૦
અમી કટોરો	,,	૧-૫૦
સત્સંગ સુવાસ	,,	૧-૫૦
સત્સંગ સરિતા	,,	૦-૫૦
સત્સંગ નિર્ઝર	,,	૦-૫૦
અમૃત નિર્ઝર	,,	૧-૫૦
સહજવાણી (ભાગ ૧ થી ૬)	હિન્દી	૫-૧૦
દિવ્ય જીવન કી ઓર	,,	૦-૬૦
સુખ દુઃખ સે પરે	,,	૧-૫૦
પરમ સુખ કી ઓર	,,	૧-૫૦
જાગો, અપને આપ મેં	,,	૧-૨૫
સત્સંગ કણિકા	,,	૦-૪૦
નારી ધર્મ	,,	૦-૫૦
યોગલીલા	,,	૬-૫૦
ફકીરી મૌત	,,	૧-૦૦
યોગ અમૃત	,,	૧-૭૦
સંતવાણી	સિંધી	૧-૦૦
સંત અઈં સાઈં જા સખાજા	,,	૧-૦૦
સત્સંગ સરિતા	,,	૧-૦૦
સંતવાણી (પદ્ય) અન્ય	હિન્દી	૧-૨૫
સુખમની ,, ,,	સિંધી	૪-૦૦
બ્રહ્મબાવની ,, ,,	ગુજરાતી	૧-૦૦

—o—

આવો..... એ વિરાટમાં વિરમીએ !

પૂજ્યશ્રી પાસે દરેક પ્રકારના લોકો આવતા રહે છે. કોઈ શ્રદ્ધાના ભાવથી, કોઈ માત્ર દર્શનના ભાવથી, કોઈ સત્સંગ સાંભળવા માટે તો કોઈ વળી ગુરુની શોધ કરતા આવે છે. કોઈ કોઈ તો એવી તપાસ કરવા આવે છે કે ચાલો જોઈએ, આ સંત વાસ્તવમાં આત્મજ્ઞાની છે કે નહિ. પરંતુ મોટા ભાગે એવું જોવા મળ્યું છે કે બધા લોકો પૂજ્યશ્રી પાસેથી લાભાન્વિત થઈને જ પાછા જાય છે. માત્ર પાછા જ જતા નથી, પણ એમના સાંનિધ્યથી કંઈક એવા પ્રભાવિત થઈને જાય છે કે તેઓ વારંવાર પૂજ્યશ્રી પાસે આવતા રહે છે. કેટલાક લોકો તો પોતાની જીવન નૌકાનું સુકાન પૂજ્યશ્રીના હાથમાં જ સોંપી દઈને પોતાના ભવિષ્ય વિષે પોતે નિશ્ચિંત થઈ ગયા છે.

પૂજ્યશ્રીના વ્યક્તિત્વમાં કોઈ અપૂર્વ તેજ છે, કોઈ દિવ્ય આકર્ષણ છે, કોઈ અલૌકિક સુગંધ છે, કોઈ જાદુ છે, એવું કોઈ આત્મિક ખેંચાણ છે કે બધાને તેમના પાવન વ્યક્તિત્વથી પ્રભાવિત થવું જ પડે છે. એ પ્રભાવથી પ્રભાવિત થવામાં જીવનની પરમ ધન્યતાનો અનુભવ થાય છે. એ વિરાટમાં વિરમીને પરમ વિશ્રાંતિનો સ્વાદ ચાખવા મળી જાય છે. પૂજ્યશ્રીના સંપર્કમાં આવનાર હજારો સજ્જનો, ભક્તો અને સાધકોનો એવો અનુભવ છે. આવા કેટલાય અનુભવો સમિતિ દ્વારા પ્રકાશિત થયેલાં કેટલાંય પુસ્તકોમાં છપાયા છે. એવાં પુસ્તકોની યાદી આ પુસ્તિકામાં મૂકેલી છે.

આ નાનકડી પુસ્તિકા પણ પૂજ્યશ્રીના અમૃતમય અનુપમ વાણી-સંગ્રહનું એક સુગંધી પુષ્પ છે. જેમને પરમાર્થની પગદંડી પર ચાલવાની થોડીક પણ ચાહના છે એમના માટે આ પુસ્તિકા અત્યંત લાભકારી સાબિત થશે એવી અમને શ્રદ્ધા છે.

આવરણ : હેમાંતી પ્રિન્ટર્સ, અમદાવાદ–૧ ફોન C/o. : ૩૮૮૨૬૯